**સુવિચાર**

આદર્શ ગૃહિણી પોતાના નૈતિકબળ અને કૌશલ્યથી પતિ ઉપરાંત સર્વ કુટુંબીજનોને ખોટા માર્ગથી પાછા વાળી શકે છે.

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૦/૦૧/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ માગસર વદ–૧૪ વર્ષ : ૧૫ અંક : ૦૨૫


## જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાત, પૂર્વ ધારાસભ્ય વિરજી ઠુંમર સહિતનાં દિગ્ગજોની ઉપસ્થિતિમાં

# બાબરાનાં પંચાળ વિસ્તારમાં સુખપુર ખાતે કોંગ્રેસનો 'સ્નેહ સંવાદ' યોજાયો

કોંગી પ્રમુખે જણાવ્યું કે જેઓએ ગામડા જોયા નથી તેવા વ્યકિતઓ ચૂંટાયા હોવાથી ગરીબ જનતા પરેશાન થઈ રહી છે

પૂર્વ સાંસદે સમગ્ર જનતાને ડરમાંથી બહાર નીકળવા માટે હાંકલ કરી હતી

ગુજરાતની મહિલાઓ પર અત્યાચારો વધ્યા અને ગેસનાં ભાવમાં ઉઘાડી લૂંટ : જેનીબેન ઠુંમર

દિ'ઉગેને ખોટું બોલનારને હાંકી કાઢવાનું જણાવતા ઠાકરશીભાઈ મેતલીયા




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૯

બાબરા તાલુકાનાં પાંચાળ વિસ્તારમાં સુખપુર મુકામે સ્નેહ સંવાદ કાર્યક્રમ અઢી હજારથી ઉપરની વિશાળ સંખ્યામાં બહેનોની વિશાળ હાજરીમાં યોજાયો હતો.

કાર્યક્રમનાં પ્રમુખ સ્થાને પ્રતાપભાઈ દુધાતે તેના વકતવ્યમાં જણાવ્યું હતું કે, જેણે ગામડા જોયા નથી તેવા લઈીકો ચૂંટાયા છે તેના કારણે ગરીબ લોકો પરેશાન થઈ રહ્યા છે. વિસ્તારની ચિંતા કરતાં લોકો હાર્યા છે ઉમેદવાર નથી હાર્યા, જનતા હારી છે, અમરેલી જિલ્લો હાયો છે, સરકારી ખર્ચે કાર્યક્રમો કરે છે પણ ગણ્યા–ગાઠયા લોકો પણ સભામાં ભેગા થતા નથી તે સરકારની નિષ્ફળતા છે, કોંગ્રેસની સરકાર ગામડાનાં સામાન્ય લોકોની ચિંતા કરતી હોય તેમ દાખલો આપી પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીની આજે પૂણ્યતિથિ છે તેમણે મધ્યાહન ભોજન યોજના દાખલ કરી ગરીબ પરિવારોના બાળકોને ભળવા


અનુસંધાન પાના ૬ ઉપર


### આર.ટી.આઈ. એકટીવીસ્ટ નાથાલાલની માંગ


# અમરેલી ખાતે ગૌચર જમીનમાંથી ખનન કરનાર વિરૂધ્ધ અઠવાડીયામાં કાર્યવાહી કરો

## જિલ્લા કલેકટરને પત્ર પાઠવીને માંગ કરવામાં આવી

અમરેલી, તા. ૯

અમરેલીના આરટીઆઈ એકટીવીસ્ટ નાથાલાલ સુખડીયાએ જિલ્લા કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી ગામની ગૌચરની જમીન સર્વેનંબર ૩૩૪/પૈકીમાં ગેરકાયદેસર ખનન રાજકીય ઓથ ધરાવતા ઈસમો દ્વારા કરવામાં આવી રહયું હતું. જે બાબતે ૧૫/૫/૨૦૨૩ ના રૂબરૂ મળી આ ખનન કરનારા તત્વોનાં લેખિતના ના.કા.ઈના મૌખિક કહેવા મુજબ આ ખોદાણ કરી રહેલ જે.સી.બી., ડમ્પરો, ટ્રેકટરો જેવા વાહનો છોડી દેવામાં આવેલ. ત્યારબાદ તા. ૧૬/૫/૨૩નાં આ ખનન અંગે સાધીનક પુરાવાઓ અને જમીનની ગૌચર અંગેની ૭/૧૨ તથા ૮–અ સાથેની લેખિત રજુઆત કરેલ જેની તપાસ તા. ૧૯/૮/૨૦૨૩ના ભુસ્તર શાસ્ત્રી મામલતદાર અને ડીઆઈઆરએલ સંયુકત તપાસ અંગેનાં તા. ૧૬/૯/૨૦૨૩નાં પત્ર નં. જીએ/ફરિયાદ/તપાસ/અહેવાલ/૨૦૨૩–૨૪/૨૩૮૪ તા. ૬/૯/૨૦૨૩ અહેવાલમાં ગેરકાયદેસર માટીનું ખનન થયા અંગેનું સ્પષ્ટપણે જણાવેલ અને તે જગ્યા અમરેલીના સર્વે નંબર ૩૩૪/ પૈકીની જમીન ગૌચર સદરે હોવાનું સ્પષ્ટ અહેવાલમાં ઘટકસ્ફોટ થયેલ હોવાનું આ ખનન કરનારા રાજકીય ખનીજ માફીયાઓને છાવરવામાં આવી રહયા છે. જે બાબત અત્યંત ગંભીર હોય આ બાબત અરજી મળ્યાથી દિન–૭ માં જવાબદારો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં નહી આવે તો ગુજરાત હાઈકોર્ટમાં તમામ સામે જાહેર હિતની રીટપીટીશન દાખલ કરીશ તેમ અંતમાં જણાવેલ છે.




### આરોપી તોહીદ અને અન્ય એક અજાણ્યા શખ્સનું કારસ્તાન

# રૂપિયા ૨૦ લાખની મગફળી અને ટ્રક મળી કુલ રૂપિયા ૨૭ લાખનાં મુદ્દામાલની લૂંટ થતાં ફરિયાદ

## બાબરાનાં ભીલડી ગામ નજીક મુસાફર બનીને ટ્રકમાં બેસીને લૂંટારૂઓ ટ્રકની લૂંટ ચલાવી નાસી ગયા

અમરેલી, તા. ૯

રાજુલા તાલુકાના ડુંગર ગામે રહેતા માણંદભાઈ પીઠાભાઈ મારૂ નામના ૨૬ વર્ષિય ડ્રાઈવર મોહમદભાઈ સફીભાઈ (રહે. મહુવા) વાળાનો ટ્રક નં. જી.જે.–૧૦ એકસ ૯૮૮૧ લઈને ગત તા. ૭ના રાત્રે ૮/૩૦ થી ૯ વાગ્યાના સમયગાળા દરમિયાન રાજકોટ ગામે, કુવાડવા ચોકડી ખાતે શીંગદાણા ભરવા માટે ગયેલ હોય અને ત્યાંથી તા. ૮ના સાંજના આશરે સાડા પાંચેક વાગ્યે ડ્રાઈવર માણંદભાઈ તથા તેમની સાથે ઈરફાનભાઈ (રહે. મહુવા) વાળા બંને અલગ–અલગ ટ્રક લઈને રાજુલાના પીપાવાવ ખાતે શીંગદાણા ખાલી કરવા માટે નિકળેલ હોય અને તા. ૮ના સાંજના આશરે સાડા આઠેક વાગ્યે બાબરા પહોંચ્યા હતા ત્યારે બીજા ટ્રક ઈરફાનભાઈના ટ્રકમાં પંચર પડતા તેઓ ટાયર પંચર કરવા ઉભા રહેલ હતા અને ડ્રાઈવર માણંદભાઈ પોતાનો ટ્રક લઈને આગળ નિકળી ગયેલ હતા. અને તે બાબરા શાહ પેટ્રોલ પંપ પાસે આવેલ હોટલે ચા–પીણી પીવા ઉભા રહેલ હતા. આ વખતે ત્યાં તોહીદ ખાટકી (રહે. મહુવા) વાળો તથા એક અજાણ્યો ઈસમ ડ્રાઈવર માણંદભાઈને મળેલ હતા અને તેઓને મહુવા આવવું હોય જેથી તે સાવરકુંડલા સુધી જવા ટ્રકમાં બેસી ગયેલ. તેઓ ટ્રક લઈ બાબરા–અમરેલી રોડ ઉપર બાબરા તાલુકાના ભીલડી ગામ નજીક પહોંચ્યા હતા ત્યારે ડ્રાઈવર માણંદભાઈ ટ્રક ચલાવતા હતા અને તોહીદ તથા અજાણ્યા ઈસમ ગાડીની કેબીનમાં બેસેલ હોય. ત્યારે ટ્રકમાં બેસેલ અજાણ્યો ઈસમ ગાળો બોલતો હોય અને ગાડી ચલાવવાની વાત કરતા ડ્રાઈવર માણંદભાઈએ ગાડી ચલાવવાની તેમને ના પાડતા તે ડ્રાઈવરને જેમ ફાવે તેમ ખરાબ શબ્દોમાં ગાળો દેવા લાગેલ. જેથી ડ્રાઈવરે તેમને ગાળો દેવાની ના પાડતા


અનુસંધાન પાના ૬ ઉપર







### સાવરકુંડલા તાલુકા પોલીસની પ્રશંસનીય કામગીરી

# નાના ભમોદ્ર ખાતેથી મળી આવેલ અજાણી બાળાનું પરિવારજનો સાથે સુખદ મિલન

## પોલીસ વિભાગ સૌ માટે અર્ધી રાતનાં હોકારા સમાન



સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન ખાતે એક ટેલિફોનિક વર્ધી મળેલ કે, સાવરકુંડલા તાલુકાનાં નાના ભમોદ્રા ગામે એક સગરી વયની બાળા મળી આવેલ છે. જે બાળા સાંભળી શકતી ન હોય તેમજ બોલી શકતી ન હોય જે બાળા પોતાનાં વાલીવારસનું નામ કે સરનામું જણાવી શકતી નથી એ રીતેની ટેલીફોનીક વર્ધી મળતા સાવરકુંડલા તાલુકા પોલીસ સ્ટેશન SHE-Team તથા સ્ટાફનાં માણસો તાત્કાલીક ઘટના સ્થળે પહોંચેલ અને સગીર બાળાને સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન લાવી ચા–નાસ્તો કરાવીને તેના વાલીવારસ બાબતે પુછતા સાંભળી શકતી ન હોય અને બોલી શકતી ન હોય જેથી જણાવેલ ન હોય બાદ ટેકનીકલ સોર્સીસ તેમજ હ્યુમન સોર્સનાં માધ્યમથી તપાસ કરતા આ સગીર બાળા સાવરકુંડલા ટાઉન વિસ્તારમાં રહેતા રાજુભાઈ બાધાભાઈ ચુડાસમા જેના વાલીવારસ હોવાનું જાણવા મળેલ અને સગીર બાળા તા. ૭/૧/૨૦૨૩ ના રોજ સવારનાં અગીયારેક વાગે ઘરેથી નીકળી ગયેલ હોય જેથી રાજુભાઈ બાધાભાઈ ચુડાસમાનાઓને આ ગુમ થયેલ સગીર બાળાને પરત સોંપી આપી SHE-Team સાવરકુંડલા રૂરલ પોલીસ દ્વારા માનવતાનું ઉતમ ઉદાહરણ પુરૂ પાડી હૃદય સ્પર્શી કામગીરી કરવામાં આવેલ છે.

આ કામગીરી પોલીસ ઈન્સ. પી.એલ. ચૌધરી તથા પોલીસ સબ ઈન્સ આર.એલ.રાઠોડ તથા એન.એસ. મુસારની રાહબરી હેઠળ સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનની SHE-Team તથા સ્ટાફ દ્વારા કામગીરી કરવામાં આવેલ છે.

### વાહનચાલકોની ફરિયાદને લઈને સાંસદે ડી.આર.એમ.ને રજૂઆત કરતા

# અમરેલી જિલ્લાનાં તમામ રેલ્વે ફાટકનાં માર્ગની મરામત કરવાની કામગીરી રેલ્વે વિભાગે શરૂ કરી

## જાગૃત નાગરિકોને બિસ્માર માર્ગ અંગે સાંસદનો સંપર્ક કરવા જણાવાયુ



અમરેલી, તા. ૯

અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયા દ્વારા ડી.આર.એમ., વેસ્ટર્ન રેલ્વેને કરવામાં આવેલ તાકીદના અનુસંધાને અમરેલી સંસદીય ક્ષેત્ર હેઠળ આવેલ વિવિધ રેલ્વે ફાટકો પરના જર્જરીત માર્ગોનું મરામત કાર્ય તાત્કાલીક અસરથી ચાલુ કરવામાં આવેલ છે.


અમરેલીના લોકો તેમજ રાહદારીઓ તરફથી રેલ્વે ફાટકો પરના જર્જરીત માર્ગોના લીધે વાહન ચાલકોને પડતી મુશ્કેલીઓ અંગે સાંસદને કરવામાં આવેલ રજુઆતના અનુસંધાને સાંસદએ તાત્કાલીક રેલ્વે વિભાગ તેમજ ડી.આર.એમ.ને ટેલીફોનીક જાણ કરી અમરેલી ક્ષેત્ર અંતર્ગત આવેલ રેલ્વે વિભાગ હસ્તકના તમામ જર્જરીત માર્ગોનું મરામત કાર્ય કરવા માટે જરૂરી સુચના આપેલ હતી. જેના પરીણામ સ્વરૂપે રેલ્વે વિભાગ દ્વારા અમરેલી જીલ્લાના વિવિધ ફાટકો પર મરામત કાર્ય ચાલુ કરવામાં આવેલ છે. જે પૈકી એલ.સી. નં. ૬૭ સહીતના ફાટકોનું મરામત ફકત એક દિવસમાં જ પૂર્ણ થવા પામેલ છે.

અમરેલી ક્ષેત્ર અંતર્ગત એકપણ ફાટક પર માર્ગ જર્જરીત ન રહે તે માટે સાંસદએ આવા જર્જરીત ફાટકો અંગે સાંસદ કાર્યાલય અથવા મો.નં. ૯૪૨૯૪૦૫૦૬૦ ઉપર લોકેશન તેમજ ફાટક નંબર સાથે જાણ કરવા લોકોને અનુરોધ કરેલ છે. લોકો દ્વારા કરવામાં આવતી રજૂઆતના અનુસંધાને રેલ્વે તંત્ર સાથે સંકલનમાં રહી જર્જરીત ફાટકનું મરામત કાર્ય શકય હોય તેટલુ ઝડપથી પૂર્ણ થાય તેવા પ્રયત્નો કરવામાં આવશે.

### રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને

# અમરેલીમાં આજે ડો. ગજેરાનાં નિવાસ સ્થાને ડો. પ્રવિણ તોગડીયાનું આગમન

## એ.એચ.પી.નાં આગેવાનોને ઉપસ્થિત રહેવા જણાવાયુ



અમરેલી, તા. ૯

આગામી તારીખ ૧૦/૧/૨૪ ના રોજ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના અધ્યક્ષ અને સ્થાપક ડોકટર પ્રવીણભાઈ તોગડીયા અમરેલી જિલ્લાના પ્રવાસે આવી રહ્યા છે. આગામી તારીખ ૨૨ જાન્યુઆરીના રોજ શ્રી રામ જન્મભૂમિ અયોધ્યામાં ભગવાન શ્રીરામની ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. ત્યારે અમરેલી જિલ્લા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગ દળ, રાષ્ટ્રીય મહિલા પરિષદ, રાષ્ટ્રીય છાત્ર પરિષદ, રાષ્ટ્રીય કિસાન પરિષદ તેમજ મહિલા ઓજસ્વી ગૃપ અને વેપારી ગૃપની એક અગત્યની મીટીંગનું આયોજન કરવામાં આવેલું છે. જે સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડોકટર ગજેરાના નિવાસ્થાને રાખવામાં આવેલી છે. તેમાં ડોકટર તોગડિયા સાથે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના રાષ્ટ્રીય મંત્રી રણછોડભાઈ ભરવાડ, સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડોકટર ગજેરા, સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મંત્રી નિર્મળસિંહ ખુમાણ, પ્રાંત ઉપાધ્યક્ષ મનસુખભાઈ રૈયાણી, વિભાગ અધ્યક્ષ દડુભાઈ ખાચર, જિલ્લા અધ્યક્ષ ડોકટર દેસાણી, જિલ્લા કાર્યકારી અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી, જિલ્લા મંત્રી જીલુભાઈ વાળા તેમજ વડીલ અગ્રણી નાનુભાઈ તળાવિયા, ડોકટર ગોંડલીયા, ઈન્ડિયા હેલ્પલાઈન અધ્યક્ષ રાષ્ટ્રીય બજરંગ દળ જિલ્લા અધ્યક્ષ દિલીપભાઈ બામટા, કાર્યકારી અધ્યક્ષ મજબૂતભાઈ બસિયા, મંત્રી વિપુલભાઈગજેરા, છાત્ર પરિષદ જિલ્લા અધ્યક્ષ જીતભાઈ કાબરીયા, રાષ્ટ્રીય કિસાન પરિષદ નિલેશભાઈ ડાયાણી તેમજ દિલીપભાઈ દેસાઈ, નિલેશભાઈ સોલંકી, મહેશભાઈ સોલંકી, જીગ્નેશભાઈ કયાડા, કેતનભાઈ ઉકાણી, બાલમુકુંદ વાઢેર તેમજ અગ્રણી કાર્યકર્તાઓ અને મહિલા અધ્યક્ષ ડિમ્પલબેન પોપટ, મહિલા ઓજસવી અધ્યક્ષ નિરાલીબેન વ્યાસ સહિતના તમામ કાર્યકર્તા ભાઈઓની ઉપસ્થિતિમાં આ બેઠકનું આયોજન કરવામાં આવેલું છે. જેમાં આગામી ૨૨ જાન્યુઆરીના રોજ અમરેલી જિલ્લામાં શું શું કાર્યક્રમ ગોઠવવા અને આગામી કાર્યક્રમોની ચર્ચા માટે આ બેઠક મળવાની છે. ત્યારે ભગવાન શ્રીરામના મૂર્તિ પ્રતિષ્ઠા ના દિવસે ધાર્મિક કાર્યક્રમો વિશે પણ ચર્ચા કરવાની છે તો દરેક તાલુકા મથકથી પણ પદાધિકારી ભાઈઓ પણ આ બેઠકમાં ઉપસ્થિત રહે છે. તેમ અમરેલી જિલ્લા કાર્યકારી અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી દ્વારા જણાવેલ છે.

### વાજતે ગાજતે પ્રથમ કંકોત્રી અર્પણ થઈ

# વડિયા ખાતે શ્રી રામ મંદિરનાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને ઉત્સાહ

## ૨૨ જાન્યુ.એ અનેકવિધ કાર્યક્રમો યોજાશે





વડિયા, તા. ૯

વડિયા આગેવાનો અને યુવાનો દ્વારા શહેરમાં ડોર ટુ ડોર કંકોત્રી આપીને લોકોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. તા. ૨૨ નાં રોજ વડિયા શહેરમાં નીકળશે ભવ્ય રથયાત્રા ઠેરઠેર શ્રી રામ લલ્લાનાં મંદિરને લઈ ઉત્સવભેર ઉજવણી કરવા માટે લોકો જોર શોરથી તૈયારી કરી રહ્યા છે.

શહેરને શણગારીને જયશ્રી રામના નારા સાથે નીકળશે ભવ્ય રથયાત્રા ઠેરઠેર ચા પાણી નાસ્તો સાંજે રામજી મંદિર ખાતે સત્યનારાયણ ભગવાનની કથા સહિતના કાર્યક્રમો કરવામાં આવશે.

### નાયબ દંડક કૌશિક વેકરિયાની જહેમતથી

# કમીગઢ–કેરાળા સુધીનાં ૪.૧૦ કિ.મી. માર્ગ માટે રૂપિયા ૧.૨૫ કરોડ મંજુર

## વાહચાલકો સહિત સૌ કોઈમાં ખુશીનો માહોલ



અમરેલી, તા. ૯

અમરેલીનાં યુવાન ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાએ પોતાનાં મત વિસ્તારનાં રસ્તાઓનાં કામો તાત્કાલિક ધોરણે મંજુર થાય અને વરસાદથી નુકશાન પામેલા રોડનાં રિકાર્પેટ કરવાનાં કામ જલદી હાથ ધરાય એ માટે રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને ભારપુર્વક રજુઆત કરેલ. જે અન્વયે સરકારનાં માર્ગ અને મકાન વિભાગનાં પંચાયત હસ્તકનાં આ કામ માટે રૂપિયા ૧ કરોડ ૨૫ લાખની રકમ સરકાર દ્વારા મંજુર કરવામાં આવી છે. આ રકમમાંથી અમરેલી જિલ્લાનાં આ રસ્તાનું રિકાર્પેટ કામ ટુંક સમયમાં હાથ ધરવામાં આવશે.

રસ્તાનાં નવીનીકરણનું આ કામ સંપન્ન થતા. આ વિસ્તારની જનતા પડતી મુશ્કેલીમાંથી મુકિત મળશે. એમ કૌશિક વેકરિયાની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

### વિકાસની વ્યાખ્યામાં નવા રૂટ પણ આવતા હોય સાહેબ

# લ્યો બોલો : દામનગરમાં લાખો રૂપિયાનાં ખર્ચે બસ સ્ટેન્ડ બન્યુ અને લાંબા રૂટ શરૂ થતાં નથી

## સ્થાનિક ધારાસભ્યએ મુસાફરવર્ગની માંગ પૂર્ણ કરાવવી જોઈએ

દામનગર, તા. ૯

વિકસિત યાત્રા, સમીટ, રોડ શો,.. જેવા કાર્યક્રમો માટે કરોડો રૂપિયા ખર્ચાય, હજીતો લોકસભાની ચૂંટણી નજીક જ છે..!! ત્યારે તો અઢળક ખર્ચાશે.. અરે ભાઈ જે પક્ષની લોકપ્રિયતા હોય, વિકાસના કાર્યો થતા હોય તેને આવા દેખાડો કરવા માટે ખોટા ખર્ચ કરવાની જરૂર ખરી,,.!!? નગરપાલિકા કક્ષાએથી લઈને મેટ્રો સિટીમાં અદ્યતન એસ.ટી. ડેપો બનાવ્યા, નવી એસ.ટી. બસો ખરીદાઈ રહી છે તે મુસાફરોની સુવિધા માટે સારી બાબત કહેવાય. પરંતુ દામનગર શહેરની જનતાને વર્ષોના ઈંતજાર પછી નવું બસ સ્ટેન્ડ મળ્યું છે, પણ... અગાઉ જે રૂટ ઉપર બસો ચાલતી હતી તેને શરૂ કરાવવામાં કોઈને રસ નથી...!! જૂના રૂટની બંધ કરાયેલ બસ સવારની ધારી–ભાવનગર, બાબરા–કુતાણા, બગસરા–ભાવનગર, સાંજની અમરેલી– ભાવનગર, વાયા દામનગર બસો શરૂ કરવામાં આવે. અલગ–અલગ ડીવીઝનની લાંબા રૂટની બસો ઢસા અને લાઠીથી ચાલે છે તે બસોને દામનગરથી ચલાવવાની ખાસ જરૂર છે. એસ.ટી.ના અધિકારીઓ અને જનતાના પ્રતિનિધિઓએ જનતાની (મુસાફરો) ની માંગ મુજબ, અત્યારે અમરેલી જિલ્લામાં સક્રિય અને જનતાના પ્રશ્નો– સમસ્યાઓ ઉકેલવામાં સક્રિય અને ફટાફટ કામ કરવાની ક્ષમતા ધરાવતા અમરેલીના ધારાસભ્ય– ગુજરાત સરકારમાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા દામનગરની જનતાના એસ.ટી.ના પ્રશ્નો પ્રત્યે ધ્યાન આપે તે માટે અતુલ શુકલે જરૂરી ચર્ચા કરી છે.

### આજથી ૧૯ જાન્યુ. સુધી

# બાબરાની પંચશીલ વિદ્યાલય અને કમળશી હાઈસ્કૂલ ખાતે મહાકુંભ

## ખો ખો, કબડ્ડી, ચેસ, રસ્સાખેંચ જેવી રમતો રમાશે

બાબરા, તા. ૯

બાબરામાં આજ તા. ૧૦ થી ૧૯ જાન્યુઆરી સુધી બાબરા શહેર તેમજ તાલુકાની સરકારી, ખાનગી તેમજ ગ્રાન્ટેડ શાળાઓનો તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભ અહીં પંચશીલ વિદ્યાલય તેમજ કમળશી હાઈસ્કૂલ ખાતે યોજાશે. જેમાં તાલુકાના વિદ્યાર્થીઓ વિવિધ રમતોમાં ભાગ લે છે.

અહીં પંચશીલ વિદ્યાયલય ખાતે તા. ૧૦ અને ૧૧ જાન્યુઆરી દરમિયાન વોલીબોલ, રસાખેંચ, ચેસ અને યોગાસનની રમતો રમવામાં આવશે તેમજ કમળશી હાઈસ્કૂલ ખાતે તા. ૧૨ થી ૧૯ જાન્યુઆરી દરમિયાન ખોખો અને કબડી તેમજ ભાઈઓ અને બહેનો માટેની તમામ એથેલેટિક રમતો રમવામાં આવશે.

તાલુકા કક્ષામાં ખેલ મહાકુંભમાં પંચશીલ વિદ્યાયલયના પરેશભાઈ ઝાપડીયા અને ચિરાગભાઈ પાટડીયાનો વધુ માહિતી માટે સંપર્ક કરવા જણાવ્યું છે.

# લાઠી : શાખપુર ગામે રૂા. ૨.૪૨ કરોડના કામોનું ખાતમુર્હૂત કરતા ધારાસભ્ય જનકભાઈ તળાવિયા



લાઠી તાલુકાનાં શાખપુર ગામે ધારાસભ્ય જનકભાઈ તળાવિયાનાં હસ્તે રૂા.ર.૪ર કરોડનાં ખર્ચે નવનિર્મિત થનાર સરકારી માધ્યમિક શાળા, ખોડિયાર મંદિર તરફ સી.સી.રોડ, તેમજ પાણીનાં સંપનું ખાતમુર્હૂત કરવામાં આવ્યું હતું. આ તકે અમરેલી જિલ્લા ભાજપનાં મગનભાઈ કાનાણી, શિક્ષણ સમિતિનાં ચેરમેન પ્રતિનિધિ ભીખાભાઈ ધોરાજીયા, તાલુકા પંચાયતનાં સદસ્ય બાબુભાઈ ખુમાણ, તાલુકા પંચાયત ઉપ પ્રમુખ રાકેશભાઈ સોરઠીયા, ધર્મેશભાઈ પરમાર, સરપંચ જશુભાઈ ખુમાણ, ગ્રામ પંચાયતનાં તમામ સદસ્યો, ગામનાં ખેડૂતો, આગેવાનો તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. આ તકે તમામ આગેવાનો, સરપંચો તેમજ ગ્રામજનોએ ધારાસભ્ય જનકભાઈ તળાવિયાનો આભાર વ્યકત કરેલ હતો. અને કામ ગુણવંતા સભર થાય તે અંગેની તકેદારી રાખવા ધારાસભ્યએ જણાવેલ હતું.

# બગસરાના હામાપુર સહિતના વિવિધ ગામમાં ઇવીએમ તથા વીવીપેટ નિદર્શન અને મતદાર જાગૃત્તિ અર્થે રથનું પરિભ્રમણ



લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે ઈવીએમ તથા વીવીપેટ નિદર્શન અને મતદાર જાગૃત્તિ અર્થે રથ પરિભ્રમણ કરી રહ્યા છે. આ અંતર્ગત અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના હામાપુર સહિતના ગામોમાં મતદાર જાગૃતિ રથ પહોંચ્યા હતા. ચૂંટણી ફરજ પરના કર્મયોગીઓ દ્વારા આ રથ દ્વારા ઈ.વી.એમ. વિશેની માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યા હતા. મતદાન માટેની પ્રક્રિયા અંગે જાગૃતિ પ્રસરાવવામાં આવી હતી.

### અવારનવાર નિર્દોષ માનવીઓ પર થતાં હુમલા

## અમરેલી જિલ્લામાં દીપડાની માનવ વસાહતમાં આવનજાવન અતિ ચિંતાજનક

### વન વિભાગે યોગ્ય કાર્યવાહી કરવી જરૂરી બની

રાજુલા, તા. ૯

તાજેતરમાં જ અમરેલી જિલ્લાના એક ખેત મજૂર પરિવારના ૬ વર્ષના બાળકને દીપડાએ ઢસડીને હુમલો કર્યો હતો જે બાદ બાળકનું મોત થયું હતું. ત્યારબાદ વનવિભાગ દ્વારા દીપડાને પાંજરે પુરી જસાધાર એનિમલ કેર સેન્ટરમાં ખસેડવામાં આવ્યો હતો.



ખાંભાના મોટા સમઢીયાળા ગામના રહેણાંક વિસ્તારના પશુના વાડામાં પણ થોડા દિવસ પહેલા વ્હેલી સવારે દીપડો ઘુસી જતા મહિલાએ દરવાજો બંધ કરી દીપડાને પુરી દીધો હતો અને વનવિભાગને જાણ કરતા વનવિભાગે તાત્કાલિક આવી દીપડાને પાંજરે પૂર્યો હતો.

અમરેલી જિલ્લા પૂર્વ વાઈલ્ડ લાઈફ વોર્ડન વિપુલ લહેરીએ જણાવ્યું કે, દીપડાઓની માત્ર અમરેલી જિલ્લામાં નહીં રાજયભરમા સંખ્યા વધી છે જે અતિ ચિંતાની બાબત છે. સિંહોની સંખ્યા વધે તો સારૂ કહેવાય ગૌરવ થાય કેમ કે તે કોઈ પરેશાન ન કરે, સિંહ કયારેક જ હુમલો કરે પરંતુ દીપડો એક એવું ચાલાક વન્ય પ્રાણી છે જે ગમે ત્યારે હુમલાઓ કરે છે. સરકાર, વૈજ્ઞાનિકોએ સાથે મળી દીપડાઓની સંખ્યા કેમ ઘટી શકે, અટકે તે દિશામાં વિચારવું પડશે. દીપડાના કારણે અમરેલી જિલ્લાના અનેક નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યાં છે.

રાત્રીના સમયે શિકારની શોધમાં દીપડો આવી ચડયો હતો. જોકે, કોઈ વ્યકિત ઉપર હુમલાની ઘટના નથી બની પરંતુ શિકારની ફિરાકમાં આંટાફેરા દીપડો કરી રહ્યો હતો. સમગ્ર ઘટના કેમેરામાં કેદ થતા સ્થાનિકોમાં ભય સાથે ચિંતા છવાઈ ગઈ હતી. આ વિસ્તારમાં દીપડાઓની અવરજવર અને વસવાટ ઘણા સમયથી હોવાને કારણે ગ્રામ્ય રહેણાંક વિસ્તારમાં અવર જવર વધી રહી છે. કાગવદર ગામનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે.

સિંહ અને દીપડાઓ સહિતના વન્યપ્રાણીઓ હવે જંગલ વિસ્તાર છોડી ગ્રામ્ય વિસ્તારમાં લટાર મારી રહ્યા હોવાની ઘટનાઓ અનેક સામે આવી રહી છે. ત્યારે અમરેલી જિલ્લામાં વધુ એક દીપડો લટાર મારી રહ્યો હોય તેવો વીડિયો વાયરલ થતા ચિંતા ફેલાઈ છે. જાફરાબાદ તાલુકાના કાગવદર ગામમાં રહેણાંક વિસ્તારમાં રાત્રીના સમયે દીપડો ગામમાં આવ્યો હતો. સમગ્ર ઘટના મોબાઈલમાં કેદ થતાં વીડિયો વાયરલ થયો છે.

## રાજુલા ખાતે રવિવારે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે

રાજુલા, તા. ૯

રાજુલા ગાયત્રી શકિપીઠમાં તારીખ ૧૪/૧/૨૦૨૪ ને રવિવારે સવારના ૮:૩૦ થી ૧૨:૩૦ સુધી વિના મૂલ્ય નેત્ર નિદાન કેમ્પ તેમજ વિના મૂલ્ય ઓપરેશન કેમ્પ સાથે સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે. આ કેમ્પ ગુજરાત પીપાવાવ પોર્ટ લિમિટેડ એપીએમ ટર્મિનલ્સના આર્થિક સહયોગથી કરવામાં આવે છે. આ કેમ્પમાં આંખના જેટલા દર્દીઓ આવે તેઓને તપાસીને તેમને જો મોતિયો હોય તો અમરેલી સુદર્શન નેત્રાલય હોસ્પિટલમાં લઈ જઈને વિના મૂલ્યે ઓપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામાં આવે છે તેમજ આ કેમ્પમાં હોમિયોપેથી, આયુર્વેદિક, ફિઝિયો થેરાપીસ્ટ, ગાયનેક વગેરે ડોકટરો પોતાનો સમય આપીને સેવા આપે છે સાથે તેઓ જે દર્દીને જરૂર હોય તેઓને દસ દિવસથી માંડીને બે મહિના સુધીની તમામ દવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે. આ કેમ્પમાં રાજુલા જાફરાબાદ ખાંભા તાલુકાના દરેક ગ્રામ્ય વિસ્તારના લોકોને અપીલ કરવામાં આવે છે કે આ કેમ્પનો અચૂક લાભ લે તેમ ગાયત્રી શકિતપીઠનાં ટ્રસ્ટીઓની યાદી જણાવે છે. આ કેમ્પમાં સ્વયંસેવક તરીકે મહિલા મંડળના બહેનો તેમજ શહેરમાંથી સેવાભાવીઓ પોતાનો અમૂલ્ય સમય આપીને સેવા બજાવે છે. કેમ્પમાં જે દર્દીઓને ઓપરેશન હોય તેઓ અને તેમજ તમામ સ્વયંસેવકો તેમજ અમરેલી સુદર્શન હોસ્પિટલનો તમામ સ્ટાફને ભોજન પ્રસાદ ચા-પાણી, નાસ્તો આપવામાં આવે છે.

### સફેદ કારમાં કોથળામાં સંતાડીને લઈ જવાતા કેરબા ઝડપાયા

## સાવરકુંડલા પાલિકામાં ડીઝલ ચોરીની આશંકાને લઈને પદાધિકારીઓ દોડી ગયા : તટસ્થ તપાસ જરૂરી

### પોલીસ તપાસ થશે કે સમગ્ર પ્રકરણ ભીનુ સંકેલાશે તે જોવુ રસપ્રદ રહેશે



**(પ્રતાપ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા પાલિકાએ શહેરીજનોનાં પરસેવાનાં રૂપિયાથી વાહનો માટે ખરીદેલ મોંઘુ દાટ ડીઝલ કોઈ અંદરનાં વ્યકિતઓ ચોરી કરતાં હોવાની આશંકાથી પદાધિકારીઓ કચેરીએ દોડી ગયા અને રંગે હાથે ડીઝલ ચોરી ઝડપી લીધી. સુધરાઈ ગ્રાઉન્ડમાં શંકાસ્પદ રીતે ચોરી છૂપીથી લઈ જવાતી ગાડી, મુખ્ય પદાધિકારી દ્વારા અન્ય ત્રણેક ચાલુ કાઉન્સિલરની હાજરીમાં કાર સામે વચ્ચે આડા ઉભા રહી રોકવામાં આવતા અંદર સફેદ કારમાં શંકાસ્પદ હાલતમાં કોથળામાં સંતાડીને લઈ જવાતું ડિઝલ કેરબામાં હતુ.

જાણકારોના જણાવ્યા પ્રમાણે આવી રીતે તો કેટલાય સમયથી નગરપાલીકા સ્ટોરેજમાંથી દરરોજ છડે ચોક ચોરી થાય જ છે.

હવે હાલના સતાધારી ટોચના નગરપાલીકા પદાધિકારીઓ એ સામૂહિક રીતે સફેદ કાર ડીઝલ ભરેલા કેરબા સાથે શહેર સુધરાઈના કમ્પાઉન્ડમાં થી રંગે હાથ ઝડપી પાડી છે, ત્યારે હજી સુધી આ બાબતે કોઈ પોલિસ ફરીયાદ થઈ છે કે કેમ તે હજુ સુધી જાણવા મળ્યું નથી..! પણ પોતાનું નામ નહી, આપવાની શરતે એક જાગૃત નગરસેવક દ્વારા શંકા દર્શાવી છે કે, ભીનું સંકેલવાના પ્રયત્નો ચાલુ થઈ ચૂકયા છે. આ ઘટનાના વીડિયો અને ફોટા સમગ્ર સાવરકુંડલામાં સોશ્યલ મીડિયામાં ફરી રહ્યાં છે.

ધારાસભ્ય અને સાંસદ આ બાબતે તાત્કાલીક પગલાં ભરી, આવી પ્રવૃત્તિઓને સખત હાથે દાબી દેવી જોઈએ. જેથી શહેરીજનોનો વિશ્વાસ જળવાઈ રહે.

### જસોદાનગરમાં રહેતા બાકીદારને

## અમરેલી : બગસરા શરાફી મંડળીનાં ચેક રીટર્ન કેસમાં ૨ વર્ષની સજા

### મંડળીનાં એડવોકેટ એ.સી. વરીયાએ સફળ દલીલો કરી

બગસરા, તા. ૯

તાજેતરમાં શ્રી બગસરા નાગરીક શરાફી સહકારી મંડળી લી. શાખા-અમરેલી પાસેથી રૂા. ૧,૦૦,૦૦૦નું ધિરાણ લઈ પરત ન કરનાર હનુમાનપરા વિસ્તારમાં આવેલ જશોદાનગરમાં રહેતા મહેશભાઈ જયતુભાઈ વાળાએ મંડળીને બાકી લ્હેણાની રકમ રૂા. ૧,૦૦,૭૫૯ વસુલ આપવા આપેલ ચેક પરત (બાઉન્સ) થતાં મંડળીનાં શાખા સેક્રેટરી જયદિપભાઈ ધીરૂભાઈ નાકરાણીએ અમરેલી ચીફ કોર્ટમાં ફોજદારી કેસ દાખલ કરતાં પુરાવાના અંતે અમરેલીના ચી. જયુ.મેજી. તરફથી આરોપીને બે વર્ષની કેદની સજા તથા ચેકની રકમ અને ૯% સુધીનાં વ્યાજ સહિત ચુકવવા હુકમ કરેલ છે. અને મંડળીના વકીલ તરીકે અમરેલીના સીનીયર ધારાશાસ્ત્રી એ.સી. વરીયા રોકાયેલા હતા. તેમ મંડળીની યાદી તરફથી જાણવા મળ્યું છે.

## લીલીયા : તા. ૨૪ જાન્યુઆરીએ તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા. ૯

આગામી તા.૨૪ જાન્યુઆરી, ૨૦૨૪ને બુધવારના રોજ તાલુકા સ્વાગત કાર્યક્રમ લીલીયા તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા કક્ષાના પ્રશ્નો અને ફરિયાદો તા.૧૦ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં તાલુકા મથકે લીલીયા તાલુકા મામલતદાર કચેરી ખાતે પહોંચતા કરવા. અરજીના મથાળે તાલુકા સ્વાગત ફરિયાદનિવારણ કાર્યક્રમ અવશ્ય લખવાનું રહેશે. સામૂહિક કે નીતિવિષયક સિવાયના પ્રશ્નો રજૂ કરવા, તેમ લીલીયા તાલુકા મામલતદારશ્રીએ એક યાદીમાં જણાવ્યુ છે.

























# અમરેલીના ગજેરા કેમ્પસમાં ઉજવાઈ રહેલ કલાઉત્સવમાં વિજેતાઓને તમામ સુવિધા



અમરેલીના શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભાના યજમાન પદે રાજય કક્ષા કલા ઉત્સવ–૨૦૨૪નું ભવય ઉદઘાટન શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોર તેમજ રાજયકક્ષાનાં શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાનાં વરદ હસ્તે થયું હતું. આ પ્રસંગે રાજયનાં વિવિધ જિલ્લામાંથી પ્રતિભાવંત વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યુ હતું. જેમાં ગાયન, વાદન, બાળકવિ અને ચિત્ર સ્પર્ધામાં પોતાનાં જિલ્લામાંથી પ્રથમ સ્થાન મેળવનાર વિદ્યાર્થી ભાઈ–બહેનો રાજયકક્ષા કલા ઉત્સવ સ્પર્ધામાં ભાગ લઈ પોતાનાં પ્રતિભાનો પ્રકાશ પાર્થયો હતો. સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરાએ આ રાજયકક્ષા કલા ઉત્સવ–૨૦૨૪ ની સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવનાર વિદ્યાર્થી માટે સંસ્થામાં નિઃશૂલ્ક અભ્યાસ, નિવાસ અને ભોજનની ધોરણ–૧૨ આર્ટસ/કોમર્સ/સાયન્સ સુધી જવાબદારી ઉપાડશે તેવી જાહેરાત કરી હતી. આ વિદ્યાર્થી રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી સિધ્ધી પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. શિક્ષણ પ્રત્યેની પ્રમુખઓની ઉમદા ભાવનાઓને સૌએ વધારી લીધી હતી. આ તકે સંસ્થાનાં મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, ડાયરેકટર વસંતભાઈ પેથાણી, આચાર્યઓ સ્ટાફગણ અને વિશાળ સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ– બહેનો તથા વાલીઓ ઉપસ્થિત રહયા હતા. કલા ઉત્સવ પ્રથમ વખત અમરેલી જિલ્લામાં વિદ્યાસભા કેમ્પસમાં ખુબ સુંદર રીતે યોજાય રહયો છે. આ કાર્યક્રમ સંસ્થામાં યોજવા બદલ સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરાએ અને ટ્રસ્ટીઓએ તમામ સ્પર્ધકો, સ્ટાફ, નિર્ણાયકઓને અભિનંદન પાઠવ્યા હતા.

### ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન દ્વારા

## અમરેલી : માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજમાં ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમ કાર્યક્રમ યોજાયો

### કોલેજની ૩૯ વિદ્યાર્થીનીઓએ તાલીમ પુર્ણ કરી



અમરેલી, તા.૯

અમરેલી માતુરી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજમાં તા. ૨૬/૧૨/૨૦૨૩ થી તા. ૬/૧/૨૦૨૪ દરમ્યાન ઉદ્યોગ સાહસિકતા સંસ્થાન દ્વારા માતુરી મોંઘીબા મહિલા આટર્સ કોલેજમાં તાલીમ કાર્યક્રમ આયોજીત થઈ ગયો. આ તાલીમ કોલેજની ૩૯ વિદ્યર્થીનીઓએ સફળતા પુર્વક પુર્ણ કરી હતી.

તાલીમનો પ્રારંભ તા.૨૬/૧૨/૨૦૨૩ના રોજ થયો હતો. આ પ્રસંગે ઉદ્યોગ સાહસિકતા સંસ્થાન – અમરેલીનાં આઈ.પી.ઓ. જેતપુરા, જિલ્લા કો–ઓર્ડીનેટર હિતેષભાઈ બગડા, કોલેજ કો– ઓડીનેટર ડો. વેલિયત કોલેજનાં પ્રિન્સિ. ડો. ચુડાસમા ઉપસ્થિત રહયા હતા.

૧૨ દિવસની આ તાલીમમાં ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રના વિવિધ વિષયનાં નિષ્ણાંતો દ્વારા ઉદ્યોગ સાહસિકતા, લઘુ ઉદ્યોગ, ઉદ્યોગ સાહસિકતાનાં અનુભવ, ઔદ્યોગિક તકો, પ્રોજેકટ રિપોર્ટ, નાણાંકીય સંચાલન, માર્કેટીંગ મેનેજમેન્ટ વગેરે વિષય પર અસરકારક માર્ગદર્શનત અને ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. તા.૪/૧/૨૦૨૪નાં રોજ સમગ્ર તાલીમાર્થીઓને શીતલ ફુડસ ફેકટ્રીની મુલાકાત કૌશિકભાઈ ખખ્ખરના ઉત્તમ સહયોગથી કરાવામાં આવી હતી. શીતલ ફુડસના હેડ માનસીંગભાઈએ તાલીમાર્થીઓને સમગ્ર પ્લોટ વિશે સુંદર માહિતી આપી હતી.આ તાલીમનું સમાપન તા.૬/૧/૨૦૨૪ ને શનિવારનાં રોજ કરવામાં આવ્યું. આ પ્રસંગે જિલ્લા કો–ઓર્ડિનેટર હિતેષભાઈ બગડા, વિષય નિષ્ણાંત રાજવી મેઘાવી અને સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહયા હતા.

સમગ્ર તાલીમાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા. તાલીમ પ્રાપ્ત કરનાર તમામને ઉદ્યોગ સાહસિકતા સંસ્થાન દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે. સમગ્ર તાલીમનું આયોજન જિલ્લા કો–ઓર્ડિનેટ હિતેષભાઈ બગડા, કોલેજ કો–ઓર્ડિનેટર ડો.વેલિયત અને પ્રિન્સ. ડો. ચુડાસમા કર્યુ હતું.

## ચલાલા : ગાયત્રી સંસ્કાર ધામની શુભેચ્છા મુલાકાતે પૂર્વ મહેસુલ મંત્રી અને સ્પીકર રાજેન્દ્રકુમાર ત્રિવેદી



ચલાલા, તા. ૯, યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર ધામ ચલાલા ખાતે રાજયનાં પૂર્વ મહેસુલ મંત્રી અને સ્પીકર રાજેન્દ્રકુમર માતાજીનાં આશીર્વાદ લેવા અને પધાર્યા હતાં.તેમનુ સાહી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પૂ. રતિદાદા અને ભારતભૂષણ મહેશભાઈએ સીલ્ડ, મોમેન્ટો, ગુરુદેવનું પુસ્તક આપી સન્માન કરવામાં આવ્યું.શાંતિકુંજથી પધારેલ બહેનોએ માતાજીનો મોમેન્ટો આપી રાજેન્દ્રકુમારનું સન્માન કર્યુ હતું. અને સંસ્થાની દરેક સેવાકીય પ્રવૃત્તિ બિરદાવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય શીતલબેન મહેતા તેમજ સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

## સાવરકુંડલા : વંડાના લેખક સુધીરભાઇ મહેતાની કલમે લખાયેલુ પુસ્તક કલ્યાણી સાગરનું વિમોચન થયું



સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા તાલુકાના વંડા ગામના પ્રસિધ્ધ લેખક સુધીરભાઇ મહેતા (રાજય અને રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિભૂષિત)ની કલમે લખાયેલુ પુસ્તક ''શ્રી કલ્યાણી સાગર''નું વિમોચન થયું છે.

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના કરીયાણા ગામે શ્રી કલ્યાણી માતાજી, શ્રી આપ બાપા કરીયાણા સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ કલ્યાણકા મહેતા – ભટ્ટ પરિવાર વાર્ષિક ચંડીપાઠ યજ્ઞ–સ્નેહમિલન કાર્યક્રમ તા. ૧૯/૧૧/૨૦૨૩ રવિવારના દિને સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં પ્રસિધ્ધ લેખક ખેડાવાળ જ્ઞાતિનું ગૌરવ સુધીરભાઇ મહેતા પુસ્તક માટે આર્થિક યોગદાન આપનાર દાતા બલભદ્રભાઈ ઉમીયાશંકર ભાઇ ભટ્ટ (જુનાગઢ)ના કર કમળે થયું હતુ.

આ પુસ્તકનું પ્રકાશન શ્રી કલ્યાણી માતા સેવા સમિતિ કરીયાણા (અમરેલી) દ્વારા થયું છે. પુસ્તકની પ્રસ્તાવના શ્રી કલ્યાણી માતા સેવા સમિતિ કરીયાણાના પ્રમુખ અરવિંદભાઇ ટી. મહેતા ભાવનગરની કલમે લખાઇ છે. પુસ્તક પરિચય ડો. દેવીલા મહેતા (પોરબંદર) સુંદર રીતે આપ્યો હતો. લેખકનો પરિચય પ્રસિદ્ધ સાહિત્યકાર કવિ પરેશભાઈ મહેતાએ આપ્યો હતો. શ્રી કલ્યાણી માતા સેવા સમિતિના પ્રમુખ અરવિંદભાઈ મહેતા માનદ મંત્રી જયસુખભાઈ સી. મહેતા, સહમંત્રી ભરતભાઈ મહેતાની ઉજળી પ્રેરક હાજરી અને તેમના પ્રસંગોચિત વકતવ્ય અપાયા હતા. કલ્યાણકા મહેતા– ભટ્ટ પરિવારજનોની વિશાળ હાજરી હતી. બધા જ પરિવારજનોને શ્રી કલ્યાણી સાગર પુસ્તક પ્રસાદી રૂપે ભેટ આપવામાં આવ્યું હતુ. લેખક સુધીરભાઈ મહેતા એ પોતાના પ્રવચનમાં પુસ્તક પ્રગટ કરવાના સંકલ્પની ભાવવાહી વાત કહી હતી. તુષારભાઈ ભટ્ટ રાજકોટ અને અન્ય મહાનુભાવોએ પુસ્તકને રૂડી રીતે વધાવ્યું હતું. આ પુસ્તકમાં શ્રી કલ્યાણકા મહેતા – ભટ્ટ પરિવારના કુળદેવી શ્રી કલ્યાણી માતાજી, શ્રી આપા બાપાનો મહિમા ગાન મંદિરનો ઈતિહાસ, જ્ઞાતિ ઈતિહાસ, સેવા સમિતિના વિવિધકાર્યો માતાજીની આરતી, સ્તુતિગાન, પરિવારની વંશાવલીનું આલેખન લેખકની કલમે થયું છે.

## અમરેલીનાં સારહિ તપોવન આશ્રમની મુલાકાતે બિલ્ડર એસો., એસ્ટેટ બ્રોકર એસો.નાં સદસ્યો



અમરેલી, તા. ૯

સારહિ યુથ કલબના પ્રમુખ મુકેશભાઈ સંઘાણીના સંકલ્પ અનુસાર નિર્માણધીન સારહિ તપોવન આશ્રમના શિલાન્યાસ કાર્યક્રમને એક વર્ષ પૂર્ણ થયું છે.અને આશ્રમના બિલ્ડીંગના નિર્માણકાર્ય પૂર્ણ થવામાં હોય ત્યારે સારહિ તપોવન આશ્રમની શુભેચ્છા મુલાકાત બિલ્ડર એસોસીએશન, દલાલ એસોસીએશનનાં આગેવાનોએ સારહિ તપોવન આશ્રમની શુભેછા લીધી હતી, સંસ્થાના પ્રમુખ મુકેશભાઈ સંઘાણીએ નિર્માણાધીન તપોવન આશ્રમનાં થયેલ કામની પ્રગતિ અને નિરાધાર વૃધ્ધો માટે જે સુવિધા થવાની છે.તેનાથી માહિતગાર કર્યા, તપોવન આશ્રમની શુભેચ્છા મુલાકાતથી આગેવાનો પ્રભાવિત થયા અને અમરેલી જીલ્લામાં આ અદકેરા સેવાના કાર્યને બિરદાવ્યું અને મુકેશભાઈ સંઘાણી તથા સારહિ યુથ કલબની ટીમને શુભેચ્છા પાઠવી હતી અને ભવિષ્યમાં તન, મન, ધનથી સેવા માટે તત્પરતા દાખવી હતી, આ શુભેચ્છા મુલાકાતમાં બિલ્ડર એસોસીએશનના પ્રમુખ ચંદુભાઈ વોરા, ઉપ પ્રમુખ ડેનીભાઈ રામાણી, દીપકભાઈ મહેતા તથા દલાલ એસોસીએશનનાં પ્રમુખ નીતિનભાઈ જોશી, ઉપપ્રમુખ પ્રભુદાસભાઈ તલાટી, નિલેશભાઈ સેદાણી, ખજાનચી નવલભાઈ મકવાણા સહિતની ટીમ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### બાબરા નજીક આવેલ

## લુણકી અને હાથીગઢ મુકામે ઈ.વી.એમ. નિદર્શન રથનું પરિભ્રમણ

### મતદાન વિષયક માર્ગદર્શન પ્રાપ્ત કર્યુ



અમરેલી, તા. ૯

લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અન્વયે ઈવીએમ તથા વીવીપેટ નિદર્શન અને મતદાર જાગૃત્તિ અર્થે રથ પરિભ્રમણ કરી રહ્યા છે. આ અંતર્ગત અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના લુણકી અને હાથીગઢ મુકામે ઈ.વી.એમ. નિદર્શન રથ પહોંચ્યો હતો.

નાગરિકોએ ઈ.વી.એમ. નિદર્શન નિહાળ્યુ, ચૂંટણી પ્રક્રિયા, મતદાન વિષયક માર્ગદર્શન પ્રાપ્ત કર્યુ હતુ. આ ઉપરાંત ચૂંટણી ફરજ પરના કર્મયોગીઓ દ્વારા આ રથ દ્વારા ગ્રામજનોને ઈ.વી.એમ. વિશેની માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યા હતા. મતદાન માટેની પ્રક્રિયા અંગે જાગૃત્તિ પ્રસરાવવામાં આવી હતી.

# લીલીયા મોટા ખાતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા અયોધ્યા ખાતે પધારવા આમંત્રણ આપવામાં આવ્યું



૨૨ જાન્યુઆરી ભગવાન શ્રી રામના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે આજે કાર સેવામાં લીલીયા તાલુકામાંથી અયોધ્યા ગયેલ એવા લીલીયાના તુલસીભાઈ માધાભાઈ શેખલિયાનું તેમના ઘરે જઈ અયોધ્યાથી આવેલા અક્ષત,(કળશ) ભગવાન શ્રી રામ નો ફોટો અને પત્રીકા આપી એમને આમંત્રણ આપવામાં આવ્યું. સાથે સાથે લીલીયા મામલતદાર મોરડિયા, પી.એસ.આઈ. એસ.આર. ગોહિલ, ડો.તોમર, આશિષ ગોસાઈને અયોધ્યાથી આવેલા અક્ષત અને ભગવાન શ્રી રામ ફોટો અને પત્રિકા આપી કળશ યાત્રા અને ૨૨ જાન્યુઆરીએ રામજી મંદિર લીલીયા આવવા માટે આમંત્રણ અપાયું આ આમંત્રણ આપવા ઘર ઘર સંપર્ક અભિયાનના અમરેલી જિલ્લા સયોજક અને વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા અધ્યક્ષ ઈતેશભાઈ મહેતા, સંપર્ક અભિયાનના જિલ્લા સહ સંયોજક પ્રણવભાઈ ભિમાણી, તેમજ ભિખુભાઈ જોષી, લીલીયા નગરના સંયોજક પરીનભાઈ સોની,લીલીયા તાલુકાના સંયોજક દિનેશ સંગતાણી,વિશાલ બુહા,બાબુભાઈ ધામત ડો. કુંભાણી, આર.બી. ભાલાળા, અજયભાઈ માઢક, કમલેશબાપુ અગ્રાવત, સહિત મોટી સંખ્યામાં રામ ભક્તો હાજર રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા શુટિંગ રમતની વિદ્યાર્થીનીએ નેશનલ કક્ષાએ મેડલ પ્રાપ્ત કરી ગૌરવ વધાર્યુ






અમરેલી : શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કુલ અને શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ઉચ્ચતર માધ્યમિક શાળાનાં DLSS ના ખેલાડીઓએ તા. ૨૭/૧૨/૨૩ થી તા. ૧/૧/૨૪ સુધી ૬૭ મી SGFI શુટીંગ નેશનલ ચેમ્પિયનશીપમાં ભોપાલ ખાતે શુંટીંગ સ્પર્ધામાં (૧) પરમાર ધર્મિષ્ઠા (૨) લકુમ કાજ (૩) ડાંગર દર્શન (૪) તાવીયા ઋત્વીક એ નેશનલ કક્ષાએ પાર્ટીશીપેશન કરેલ છે. જેમાં પરમાર ધર્મિષ્ઠાએ નેશનલ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી ગુજરાત રાજય તથા અમરેલી જિલ્લા અને શાળા પરિવારનું નામ રોશન કર્યુ છે. આ વિદ્યાર્થીનીએ રાજયકક્ષા સ્પર્ધામાં ચોથો ક્રમાંક મેળવેલ હતો. જેમાં ટોપ–૩ માં સેકન્ડ પ્લેસ પર આવનાર ખેલાડીને પોતાના અંગત કારણોસર નેશનલ માટે જઈ શકી ના હોય જેના બદલે આ ખેલાડીની નેશનલ માટે પસંદગી કરવામાં આવેલ હતી. અને નેશનલ કક્ષાએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો જે એ સાબિત થાય છે કે આગળ સ્પર્ધામાં પ્રાપ્ત કરેલ મેડલ નેકસ્ટ સ્પર્ધામાં વધુ સારૂ પર્ફોમન્સ કરવા માટે શિખ મેળવવા જેવી છે. સંસ્થાનાં વિદ્યાર્થીઓ રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ રમતનાં ક્ષેત્રે હળહળતી સફળતા મેળવે છે. જે માટે સંસ્થાનાં મેનેજમેન્ટ, કોચ અને વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવે છે. વિદ્યાર્થીઓમાં રહેલ સુષુપ્ત શકિતઓને બહાર લાવવા માટે અવિરત પ્રોત્સાહન સંસ્થાનાં મેનેજમેન્ટ દ્વારા પુરૂ પાડવામાં આવે છે. તેમજ કોચ અને વિદ્યાર્થીઓની સતત મહેનત રંગ લાવે છે. જેનાં પરિણામ સ્વરૂપે વિદ્યાર્થીઓ અનેક રમતનાં ક્ષેત્રે અનેક વિવિધ મેડલો પ્રાપ્ત કરી સંસ્થા અને શાળા પરીવારને ગૌરવ અપાવે છે. આ તકે સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ, ડાયરેકટર વસંતભાઈ પેથાણી તેમજ તમામ DLSS સ્ટાફ, તમામ પ્રિન્સીપાલ અને સુપરવાઈઝર એ હૃદયપુર્વક શુભકામનાં પાઠાવી હતી. તેમજ આગામી સમયમાં વુધ સારૂ પ્રદર્શન કરે તે માટે તમામ ખેલાડીઓને હૃદયપુર્વક શુભેચ્છા આપી હતી. આ શુંટીંગ રમતનાં ખેલાડીઓને કોચ પુલ્કીતા નિમ્બાવલ દ્વારા ટ્રેનિંગ આપવામાં આવે છે.

## વડ ગામે CSPC સંસ્થા દ્વારા સન્માન કનેકશન કાર્યક્રમ યોજાયો

રાજુલા, તા. ૯

રાજુલા તાલુકાના વડ ગામે સી.એસ.પી.સી. સંસ્થા દ્વારા સન્માન કનેકશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં સૌ પ્રથમ ગામના સરપંચ જેઠુરભાઈ, પાણી સમિતિના સભ્યો, પંચાયત સભ્યો અને ગામ આગેવાનો, તેમજ સી.એસ.પી.સી. સંસ્થાના સ્ટાફ દ્વારા કાર્યક્રમ ને લીલી ઝંડી આપવામાં આવેલ.




ત્યારબાદ રથ દ્વારા આખા ગામમાં પાણીનું મહત્વ વિશે રૂબરૂ મળી અને જે લોકોને ત્યાં પદ્ધતિસર નળ કનેકશન લગાવવામાં આવેલ છે, તેમના ઘરે સમ્માન કનેકશનનું સ્ટીકર લગાવવામાં આવેલ, તેમજ ગામમાં પ્રાથમિક શાળામાં બાળકો સાથે પાણીનું મહત્વ વિશે સમજણ આપવામાં આવેલ તેમજ કલોરિન મશીનનો ડેમો બતાવવામાં આવેલ અને બાળકોને સ્વચ્છતાની સાપસીડીની રમત રમાડવામાં આવેલ ત્યાર બાદ સાંજના સમયે પ્રાથમિક શાળામાં જાહેર કાર્યક્રમ યોજવામાં આવેલ.

જેમાં ગામના સરપંચ પાણી સમિતિ સભ્યો ઉપસ્થિત રહેલ અને જે લોકોને પદ્ધતિસર નળ લગાવેલ છે તેમને સન્માનિત કરવામાં આવેલ તેમજ વિડિયોના માધ્યમ દ્વારા ગામ લોકોને શુદ્ધ પાણીના મહત્વ તેમજ ગામની યોજનાને વ્યવસ્થિત રીતે ચલાવવા માટે ખાસ પાણી વેરો જે વડ ગામમાં ઘરેથી લેવામાંઆવે છે, તેનો ઉપયોગ કેવી રીતે થાય તે જણાવવામાં આવેલ અને કલોરિન યુકત પાણી ગામમાં મળી રહે તે માટે ગામમાં કલોરીનેશન મશિન લગાવવામાં આવેલ છે તેના વિશે ચર્ચા કરેલ અને કાર્યક્રમ ના અંતે સંસ્થા દ્વારા ગામ લોકોનો આભાર માનવામાં આવેલ.

## રાજુલા ગર્લ્સ હાઇસ્કૂલ દ્વારા સૌ પ્રથમવાર પ્રવાસનું આયોજન




રાજુલા, તા. ૯

રાજુલા શહેરમાં તાજેતરમાં રાજુલાની શ્રીમતી ટી. જે. બી. એસ. ગર્લ્સ હાઈસ્કુલ રાજુલા દ્વારા ત્રણ દિવસનો કચ્છ ભુજનો શૈક્ષણિક પ્રવાસ યોજાઈ ગયેલ.

જેમાં શાળામાંથી વિદ્યાર્થીનીઓ બહોળી સંખ્યામાં જોડાયેલ હતી અને ભુજ સ્વામિનારાયણ, હમીરસર તળાવ, મ્યૂઝીયમ, સફેદ રણ રણોત્સવ, ઉમિયા ધામ વાંઢાય માં, યક્ષ બોતેરા, ખેતાબાપાની જગ્યા વિથોણ, આશાપુરામાં મંદીર માતાનાં મઢ, અંબેમાં ધામ ગઢશીશા (હજાર દીવાની મહા આરતી), માંડવી બીચ, અંબેમાં ધામ ગોધરા, અંજાર જેસલ તોરલ સમાધિ, કબરાઉ મોગલ ધામ વગેરે વિવિધ સ્થળોની માહિતી મેળવી હતી.

શાળાના આચાર્યા સીમાબેન પંડયા અને તથા સમગ્ર સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવેલ હતી. સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સફળતાપૂર્વક સંપન્ન થયેલ. જેમાં વિદ્યાર્થીઓને પ્રથમ સમગ્ર પ્રવાસી વિદ્યાર્થીનીઓની ને સાવરકુંડલા સ્થિત બરવાલિયા પરિવાર દ્વારા આઈસ્ક્રીમ વિતરણ કરવામાં આવેલ તેમજ બીજા દિવસે શાળાના આચાર્ય સીમાબેન અનિલભાઈ જોષી પરિવાર દ્વારા તમામ બાળકોને કેડબરી ચોકલેટનું વિતરણ કરવામાં આવેલ.

દિવસ ત્રણ દરમિયાન અંબેધામ મંદિર ગઢશીશા દ્વારા દૂધ વિતરણ અને જીતેન્દ્રભાઈ ડોકટર દ્વારા તમામ પ્રવાસીઓને કોલ્ડ્રીંકસ આપવામાં આવેલું. સમગ્ર પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓને ખૂબ જ આનંદ પ્રમોદ સાથે આ પ્રવાસ પૂર્ણ કરવામાં આવેલ. તેવું આચાર્યા સીમાબેનની યાદીમાં જણાવેલ.

## સાવરકુંડલા : હાથસણી બાપા સીતારામ મંડળ ના સ્વયંસેવકોને દાતા દ્વારા યુનિફોર્મ વિતરણ

અમરેલી, તા. ૯

સાવરકુંડલા તાલુકાના હાથસણી ગામે આપાગીગા જગ્યા ખાતે ગામના યુવાનો છેલ્લા ૧૫ વર્ષથી દર મહિને ૮મી તારીખના રોજ સંતભૂમિ બગદાણાધામ બાપા સીતારામ ભોજનાલય વિભાગમાં સેવાકાર્ય કરવા ગામના ૫૦ થી ૬૦ યુવાનો જતા હોય છે. બાપા સીતારામનાં દર્શન કરવા આવતા શ્રદ્ધાળુઓને ભોજન પ્રસાદની ઉત્તમ સેવાનું કાર્ય કરવામાં આવે છે.




ગામના યુવાનો અને સ્વયંસેવક ભાઈઓની સેવાકાર્ય અને કામગીરીની કદર કરીને મૂળ વતન હાથસણી ગામ અને તેવો હાલ મુંબઈ સ્થાયી થયેલ તેવા દાતા મગનભાઈ ચોટલીયા દ્વારા દરેક ગામના યુવાનોને સેવાકાર્ય માટે એક જોડી યુનિફોર્મ તૈયાર કરાવી વિતરણ કરવામાં આવેલ તેમજ બધા સ્વયંસેવક માટે ખૂબ સરસ ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું.

આ સેવા બદલ દાતાનું સ્વાગત સન્માન કરવામાં આવેલ હતું. આ ઉત્તમ સેવાકીય કાર્ય માટે ગામના યુવાન હરેશભાઈ બોરીસાગર દ્વારા તેમને ખૂબ ખૂબ અભિનંદન શુભેચ્છાઓ આપવામાં આવેલ હતી.

આ કાર્યક્રમમાં બગદાણા ધામ સેવાકાર્યના બાપા સીતારામ સેવા મંડળના ધનજીભાઈ હીરપરા, શિવરાજભાઈ ખુમાણ, પૂર્વ સરપંચ સુરેશભાઈ સુતરીયા, રામજીભાઈ ગજેરા, જયેશભાઈ કુડેચા, કનુભાઈ ખુમાણ, બળવંતભાઈ કુડેચા, મહેશભાઈ કુંજડીયા, રાજેશભાઈ માયાણી, કિરીટભાઈ શિંગાળા, પ્રફુલભાઈ માયાણી, જીતુભાઈ ખુમાણ, ભલાભાઈ ભરવાડ, જગાભાઈ ડાબસરા મોટી સંખ્યા સ્વયંસેવક ભાઈઓ તેમજ ગામ આગેવાન અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### પ્રાથમિક સારવારનાં વર્ગો ચલાવીને

## અમરેલી સેંટ જહોન એમ્બ્યુલન્સ (ઈન્ડિયા) દ્વારા દર વર્ષે ૧૫૦૦ થી ૨ હજાર વિદ્યાર્થીઓને તાલીમ

**રવિવારે પ્રાથમિક સારવાર જાગૃતિ અને કાનુની માર્ગદર્શન શિબિર યોજાશે**

અમરેલી, તા.૯

અમરેલી ખાતે કાર્યરત સેંટ જહોન એમ્બ્યુલન્સ ઈન્ડિયા સંસ્થા દ્વારા વર્ષે ૧૫૦૦ થી ૨૦૦૦ વિદ્યાર્થીઓને નિષ્ણાંત તબીબો દ્વારા પ્રાથમિક સારવારનાં તાલીમનાં વર્ગો લેવામાં આવે છે. અને પરીક્ષામાં ઉતીણ થનારને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવે છે.

આ સંસ્થા દ્વારા આગામી ૧૪ જાન્યુઆરી ને રવિવારે મેડિકલ ઓફિસર ડો.વી.પી.રાવળનાં અધ્યક્ષ સ્થાને પ્રાથમિક સારવાર અવેરનેશ. કાનુનિ માર્ગદર્શન શિબિર એન મહાનુભાવોનું સન્માન કરવામાં આવશે.

કાર્યક્રમને સફળ બનાવવા માટે ધીરૂભાઈ સિધ્ધપરા પંકજભાઈ જોષી, મનિષભાઈ હિંગુ અને ચાંપરાજભાઈ વાળા જહેમત ઉઠાવી રહયાં છે.

## મુખ્યમંત્રી રાહત ફંડમાં ઓનલાઈન ડોનેશન ફેસેલિટી ઉપલબ્ધ

અમરેલી, તા.૯

જાન્યુઆરી, ૨૦૨૪ (મંગળ વાર) મુખ્યમંત્રી રાહત ફંડમાં ઓનલાઈન ડોનેશન ફેસેલિટી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેની લીંક https:Gujarat.gov.in/CMRF/Donation ઓનલાઈન રાહત પોર્ટલ પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં કોઈપણ વ્યકિત ભારતમાં કે ભારત બહારથી પણ આપેલ લીંક પર કિલક કરી પોતાના મોબાઈલ નંબર પરથી ઓટીપી જનરેટ કરી, પોતાનું નામ, સરનામું, પાનકાર્ડ નંબર, ઈ–મેઈલ આઈડી જેવી પ્રાથમિક વિગતો ભરી સબમિટ કરી, પે–ડોનેશન પર કિલક કરીને અલગ અલગ પેમેન્ટ મોડ જેવા કે, યુપીઆઈ, ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, ઈન્ટરનેટ બેન્કિંગ, કયુઆર કોડના માધ્યમથી ઓનલાઈન પેમેન્ટથી સીએમ રીલીફ ફંડમાં ડોનેશન આપી શકે છે. ઉપરાંત સકસેસફુલ થયે ઓટો જનરેટ ઈ–રીસીપ્ટ તથા મુખ્યમંત્રી દ્વારા આપવાના થતા અપ્રેસલ લેટર પણ તાત્કાલિક મોબાઈલ પર જ કયુઆર કોડ વાળા માન્ય પીડીએફથી મળી જશે. તેમ મામલતદાર ડીઝાસ્ટર–અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### નગર શિક્ષણ સમિતિનાં ચેરમેનનાં પ્રયાસથી

## અમરેલી શહેરની શાળાઓનાં બાળ કલાકારો ''એન ઘેન દીવા ઘેન'' આકાશવાણી કાર્યક્રમમાં ઝળકશે

**રાજકોટ ખાતે બાળકો પોતાના અવાજમાં બાળકૃતિઓનું રેકોડીંગ કરાવશે**

અમરેલી, તા. ૯

અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં ચેરમેન તુષારભાઈ જોશીનાં પ્રયાસોથી આધુનિક સવલતો સાથે શાળાઓ વિકાસ સાથે પ્રગતી કરી રહી છે, જે સૌ કોઈ જાણે છે, ચેરમેન સતત બાળકોનાં ગુણવત્તા યુકત શિક્ષણ અને સર્વાંગી વિકાસ થાય તે માટે સતત ચિંતિત રહેતા હોય છે, અને આ બાબતે સતત પ્રયત્નો કરતા રહે છે. એક આધુનિક ભારતનાં ભાવીનું ઘડતર યોગ્ય થાય , અને ભાવી ભારતનાં આ કર્ણધારો પોતાની પ્રતિભા પહેચાની આગળનાં સમયમાં આદર્શ અને પ્રતિભાશાળી નાગરિકત્વનાં પાયાનાં ઘડતરનું સ્વપ્ન સાર્થક કરતા ચેરમેન તુષારભાઈ જોશીનાં પ્રયત્નોથી, સમિતિનાં શાસનાધિકારી આશિષભાઈ જોશી તથા ટીમનાં પ્રયાસથી અને આ કાર્યમાં મહત્વની સેવા જેમણે આપી તેવા કેતનભાઈ જોશીનાં માર્ગદર્શન હેઠળ, અમરેલી નગર પ્રાથમિક સમિતિ હસ્તકની શાળાઓનાં ૧૪ જેટલા બાળકો સૌ પ્રથમ વાર ઓલ ઈન્ડિયા રેડીઓમાં ''એન ઘેન દીવા ઘેન'' બાળ કાર્યક્રમમાં પોતાની કૃતિઓ થકી આકાશવાણી રાજકોટ ખાતે રેકોર્ડીંગ સ્ટુડીઓમાં પોતાનો અવાજ આપશે, અને ગુજરાત આ બાળ કલાકારોની કૃતિઓ માણશે તેમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની યાદીમાં જણાવવામાં આવે છે.

# અમરેલીની 'રૂપાયતન' સંસ્થામાં પતંગોત્સવની ઉત્સાહપૂર્વક થયેલ ઉજવણી



અમરેલીમાં સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ : રૂપાયતન સંસ્થા તેનું સુવર્ણ જયંતી વર્ષ ઉજવી રહી છે. બાળકીનાં સર્વાંગી વિકાસ માટે તે સતત પ્રયત્નશીલ રહે છે. સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃતિઓ અને ઉજવણીથી શાળાઓ સતત ધમધમતી રહે છે. એ અંતર્ગત તા.૬/૧/૨૦૨૪ ને શનિવારનાં રોજ પતંગોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉતરાયણ એ સૌ કોઈનો પ્રિય તહેવાર છે. પતંગનાં આ પર્વને નાના–મોટા સૌ ઉત્સાહપુર્વક માણે છે. સામાન્ય રીતે બાળકો પોતાનાં પરિવારજનો સાથે પતંગ ચગાવવાની મજા માણતાં હોય છે. પરંતુ પોતાનાં સહાધ્યાયી મિત્રો અને શિક્ષકોની સાથે પતંગ ચગાવવાની મજા માણે તે હેતુથી સંસ્થા દ્વારા 'પતંગોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું.જીમખાનાનાં વિશાળ મેદાનમાં સંસ્થા સંચાલિત ચારેય વિભાગનાં બાળકો, શિક્ષકો તથા કર્મચારીઓ ઉપસ્થિત થયા હતા. અતિથિ વિશેષ તરીકે હિતેષભાઈ માંજરિયાએ પોતાની શુભેચ્છા આપી ઉત્સવની શરૂઆત કરાવી હતી. ત્યારબાદ બાળકોએ તથા શિક્ષકો પતંગ ચગાવવાની, ફુગ્ગા ફુલાવવાની, પિપુડા વગાડવાની તથા સમુહમાં ગરબા લેવાની અને મમરાનાં લાડુ – ચીકી ખાવાનો મજા માણી હતી. આ ઉત્સવમાં કાચા સાહેબ, રજનીભાઈ મહેતા સાહેબ, મીનાક્ષીબેન ઠાકર, સીમાબેન મહેતા તથા સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહયો હતો. વાલીઓએ પણ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. તેમ ભારતીબેન ગોહિલની યાદીમાં જણાવાયું છે.

# અમરેલી ખાતે અનાજ કરિયાણા એસો.ની બેઠકમાં મોટી સંખ્યામાં વેપારીઓ ઉપસ્થિત રહ્યાં



જયારે આગામી તારીખ ૨૨ જાન્યુઆરી ૨૦૨૪નાં દિવસે અયોધ્યા ખાતે ભવ્ય રામ મંદિરનું નિર્માણ થઈ રહેલ છે એની ખુશી વ્યકત કરવા ૭ જાન્યુઆરી ૨૦૨૪ને રવિવાર સાંજે ૭ વાગ્યે બાળ હનુમાન મંદિર ખાતે થાળ ધરવાનાં આ કાર્યક્રમ દરમ્યાન ૩૦૦ જેટલા વેપારીઓ જોડાયેલ. આ કાર્યક્રમ દરમિયાન ચતુરભાઈ અકબરી પ્રમુખ રીટેલ અનાજ કરીયાણા તથા પ્રમુખ અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ વેપારીઓ માર્ગદર્શન આપી પ્રમુખ તરીકે ફરીવાર રીપીટ કરવા બદલ આભાર વ્યકત કરેલ. ડો. ભરતભાઈ કાનાબારે પણ વેપારીઓ માર્ગદર્શન આપીને કહેલ કે ભગવાન શ્રીરામચંદ્રનાં મંદિર નિમિત્તે થાળ ધરી ખુશી વ્યકત કર્યાનો આ પહેલો દાખલો હશે. જીતુભાઈ ડેર પ્રમુખ આહીર સમાજને વેપારીઓને માર્ગદર્શન આપેલ. જીતુભાઈ સોમૈયા ગોળવાળા પ્રમુખ અમરેલી લોહાણા મહાજન પણ વેપારીઓ માર્ગદર્શન આપેલ. આ કાર્યક્રમ દરમિયાન સ્પોન્સર એપલ બેસન વાળા રાજુભાઈ અને નીલમ ટીનાં પરેશભાઈ દાવડાનો આભાર વ્યકત કરેલ. કાર્યક્રમ દરમ્યાન અતીષભાઈ કાનાણીનાં માતુશ્રીનું અવસાન થતાં શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ. જે.આર. વાળાને અમરેલી વકીલ મંડળમાં સેક્રેટરી તરીકે ચૂંટાઈ આવતા ટીમ દ્વારા સન્માન કરેલ. સમગ્ર કાર્યક્રમ સંચાલન કરેલ ગીરીશભાઈ ભટ્ટ તથા બાબુભાઈ કાબરીયા, આભારવિધી કરેલ હરેશભાઈ સાદરાણી મહામંત્રી રીટેલ અનાજ કરીયાણા એસોસિએશન. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન એન્કરીંગ કરતા મજબૂતસિંહ બસીયા તથા યોગેશભાઈ ગણાત્રાની ટીમ દ્વારા બંને મિત્રોનું સન્માન કરેલ.આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત દિનેશભાઈ ભુવા શીતલ ઈનડસ્ટ્રીઝ અને પ્રમુખ લેઉઆ પટેલ સમાજ, બીપીનભાઈ લીંમબાણી પ્રમુખ અમરેલી નગરપાલિકા, કાંતિભાઈ વઘાસીયા, ઓઈલ મીલ, અરૂણભાઈ ખખર, સંજયભાઈ ખખર, અનિલભાઈ કાણકીયા, અશોકભાઈ અટરા, જગદીશભાઈ સેલાણી ટ્રસ્ટી અમરેલી લોહાણા મહાજન, ભાવેશભાઈ વસાણી ટ્રસ્ટી અમરેલી લોહાણા મહાજન, મુકુંદભાઈ ગઢીયા એડવાઈઝર રીટેલ મર્ચન્ટ અનાજ કરીયાણા એસોશિયેશન, લાલભાઈ ગઢીયા, એડવાઈઝર રીટેલ અનાજ કરીયાણા એસોશિયેશન – જીલુભાઈ વાળા મહામંત્રી અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ, મજબુતસિંહ બસીયા ઉપપ્રમુખ ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ, યોગેશભાઈ ગણાત્રા ઉપ પ્રમુખ અમરેલી શહેર ભાજપ ડો.દેસાણી, હકુભાઈ ચૌહાણ, ઉપપ્રમુખ અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ, નવનીતભાઈ પડસાલા ખોડીયાર મોલ પુર્વ ડિરેકટર અમરેલી માર્કેટ યાર્ડ યોગેશભાઈ કોટેચા પ્રમુખ ઈન્દીરા શોપિંગ સેન્ટર અમરેલી, હરેશભાઈ ટાંક સંગઠન મંત્રી અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ, પંકજભાઈ અટારા, વેપારી અગ્રણી, ગોપાલભાઈ રાજા મંત્રી અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ, મીલાપભાઈ રૂપારેલ ''અમરેલી એકસપ્રેસ'' અતુલભાઈ કારીયા આસપાસ દૈનિક સંજયભાઈ રામાણી, રમેશભાઈ વૃંદાવન ડેરી, યુનીટ ગૃપનાં નયનભાઈ દિક્ષા કેમીકલ તથા રાજુભાઈ દોશી, કાર્યક્રમ સફળ બનાવા જહેમત ઉઠાવતા ગીરીશભાઈ ભટ્ટ, હરેશભાઈ સાદરાણી, બાબુભાઈ કાબરીયા, લાલભાઈ વણજારા, હસુભાઈ ભાટીયા, કનુભાઈ ગણાત્રા, હકુભાઈ ચૌહાણ, સુનીલભાઈ વિઠ્ઠલાણી, મનીષભાઈ ભાટીયા, નિખીલભાઈ મહેતા, ધવલભાઈ જાદવ, ટીમ તથા કારોબારી, વિજયભાઈ તન્ના, કાનાભાઈ એચ.પી.અલ્પેશભાઈ સાવજ, કાળુભાઈ રાજા, અંકુરભાઈ ખખર, અંકુરભાઈ સેદાણી, ચેતનભાઈ શ્રીનાથજી ટ્રેડિંગ હિતેશભાઈ જલારામ ટ્રેડિંગ, ધર્મેશભાઈ ભગવતી સેલ્સ એજન્સી, કાનાભાઈ અકબરી, ગોપાલભાઈ સાદરાણી સહિત અનેક વેપારીઓ ઉપસ્થિત રહેલ એમ ગીરીશભાઈ ભટ્ટની યાદીમાં જણાય છે.

પાના ૧ ઉપરનું ચાલું

## કોંગ્રેસનો 'સ્નેહ સંવાદ' યોજાયો

પ્રોત્સાહિત કર્યા હતા.

પૂર્વ સાંસદ અને પૂર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરે લોકો ડરમાંથી બહાર નિકળે, પંચાળ વિસ્તાર અને ગામડાઓના રસ્તાઓ માટે સતત ચિંતા કરી હતી. તેવું વિરજીભાઈ બોલતા લોકોએ હાકલા-પડકારા સાથે વાતને સમર્થન આપ્યું હતું. વિરજીભાઈએ જણાવ્યું હતું કે, મેં મંજૂર કરેલા રસ્તાનાં કામો આ સરકાર કરશે તો પણ બાબરાનો વિકાસ અનેરો હશે. બાબરા આજે આયુર્વેદિક નશીલા પીણાનું ગુજરાતમાં હબ બન્યું છે અને તેમાં ભાજપનાં આગેવાનો પાસા તળે પુરાયા છે. આવો કાર્યક્રમ હોવાના દિવસે પણ આજે નશીલા પદાર્થ પકડાયું છે તે ઉમદા ઉદાહરણ છે તેવો દાખલ આપી એક ઘાતકી રાજાએ પ્રજાને પાણી બંધ કર્યુ, ગટર બંધ કરી તો પણ કોઈ ફરિયાદ ન આવી છેવટે જંગલમાં જતાં-આવતા લોકોને એક ધોકો મારવાનું ફરમાન છોડયું. ત્યારે એક બુજુર્ગ વડીલે પેટીમાં ફરિયાદ નાખી રાજાએ દરબાર કરીને પેટી ખોલી તો ફરિયાદીએ ફરિયાદમાં એવું જણાવ્યું હતું કે, તમે એક ધોકો મારવાવાળો રાખ્યો છે તેના કારણે લાઈન લાંબી થાય છે. વ્હેલી સવારનાં ૪ વાગ્યાથી ૮ વાગ્યા સુધી ઉભું રહેવું પડે છે તો ધોકા વાળાની સંખ્યા વધારો એવી પરિસ્થિતિ ઉભી છે ડરથી જનતાને બહાર નીકળવા હાંકલ કરી હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહિલા પ્રમુખ જેનીબેન ઠુંમરે જણાવ્યું હતું કે, ગુજરાતમાં મહિલાઓની સલામતી જોખમાઈ છે સંસદમાં અનામત બિલ પસાર કર્યુ છે પણ અમલવારી કયારે ? તેવો પ્રશ્નાર્થ સાથે ૩૫ વર્ષથી ગુજરાતની જનતા ભાજપને મત આપી સરકાર બેસાડી છે એ મારી બહેનોને ૧૨૦૦નો બાટલો ખરીદવો પડે છે, રાજસ્થાનમાં ૪૫૦ કર્યા છે તો ગુજરાતની બહેનોનો શું વાંક છે ? તેવા વેધક સવાલ કર્યા હતા.

કાર્યકારી પ્રમુખ રૂત્વિકભાઈ મકવાણાએ મહાભારતનો દાખલો આપી જનતાને સહદેવ સાથે સરખાવી હતી. જનતા જાણે છે બધું પણ ભીમ પુછે ત્યાં સુધી સહદેવ બોલશે નહી તેવી પરિસ્થિતિ જનતાની થઈ છે. તેમ જણાવી પંચાળનાં ન્યાય માટે માત્ર બાબરા તાલુકાનાં પંચાળની નહી પરંતુ સુરેન્દ્રનગર જિલ્લા સાથે આખા પંચાળનો સ્નેહ કાર્યક્રમ યોજાઈ તે માટે સુચન કર્યુ હતું.

પ્રદેશ કોંગ્રેસ મહિલા ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલાએ મહિલાઓને અનામત આપવાનું કામ રાજીવ ગાંધીએ કર્યુ હતું અને શિક્ષણમાં લઈ જવાનું કામ પણ કોંગ્રેસ સરકારે કર્યુ હતું હાલ શિક્ષણ ભાંગીને ભુકો થયું છે તે અંગે ભવિષ્યની ચિંતા કરી હતી.

પૂર્વ ધારાસભ્ય ઠાકરશીભાઈ મેતલીયાએ સવારમાં ઉઠીને ખોટું બોલતા લોકોને કાઢવા જનતાને જાગૃત થવા હાંકલ કરી હતી. હવે તમે જાગો નહિતર તમારૂ ભવિષ્ય અંધકારમય છે તમે જાગશો તો મને સરકાર જોવા મળશે તેવી હાંકલ કરી હતી. વિશાળ સંખ્યામાં જનમેદની જોતા ચૂંટાયેલા પ્રતિનિધિઓ ઉપર લોકોનો રોષ ભયંકર હોય તેવું સભામાં જણાતું હતું.

આજના આ પંચાળ સ્નેહ સંવાદ કાર્યક્રમમાં પ્રતાપભાઈ દુધાત, વિરજીભાઈ ઠુંમર, ગાયત્રી બા વાઘેલા, જેનીબેન ઠુંમર, રૂત્વિકભાઈ મકવાણા, ઠાકરશીભાઈ મેતલીયા, રમેશભાઈ ગોહિલ, ધીરૂભાઈ વાહાણી, નરેશભાઈ અધ્યારૂ, આંબાભાઈ કાકડીયા, જીતુભાઈ વાળા, શાર્દુળભાઈ ડેર, અનકભાઈ વાળા, અશોકભાઈ ચાવડા, ઘનશ્યામભાઈ શાર્દુળભાઈ, લખુભાઈ બસીયા, કુલદીપભાઈ બસીયા, દિલીપભાઈ સનુરા દેવળીયા, પરેશભાઈ ભાલીયા, કિશોરભાઈ દેથળીયા, જસમતભાઈ ચોવટીયા, મુકેશભાઈ ભાલીયા, વિનુભાઈ ચોવટીયા, બિપીનભાઈ વસાણી, ભુપતભાઈ વાવડીયા, કાનભાઈ શેખ, અશોકભાઈ વાજા, વિનુભાઈ ઝાપડીયા, વિજયભાઈ ઝાપડીયા, શિલ્પાબેન ઝાપડીયા, બી.બી. હિરપરા, ભુપતભાઈ, બિપીનભાઈ ખાચર, ભોજરાજભાઈ કોઠીવાળ, નિરૂબેન કોઠીવાળ, ઉકાભાઈ ગોલાણી, હરેશભાઈ મેવાડા, સનાભાઈ નિલવડા, વાઘાભાઈ ધોરકડ, વલ્લભભાઈ બારૈયા, જયુભાઈ ઠુંમર, કાંતિભાઈ પનાળીયામ, ધનજીભાઈ મકવાણા, ભરતભાઈ ડાંગર સહિત તાલુકા પંચાયત સભ્ય, પૂર્વ જિલ્લા કોંગ્રેસ સમિતિનાં હોદેદારો, નગર પંચાયતના સદસ્યો, મહિલા આગેવાનો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન વિનુભાઈ ઝાપડીયા, વિજયભાઈ ઝાપડીયા, ભોજરાજભાઈ કોઠીવાળા અને બિપીનભાઈ ખાચરે કર્યુ હતું.

**નામ બદલાવેલ છે**

આથી હું જાહેર કરનાર, **કિરીટભાઈ ગોવિંદભાઈ હુંબલ** મારૂ જુનું નામ **કિરીટકુમાર ગોવિંદભાઈ હુંબલ** અને **કિરીટ ગોવિંદભાઈ હુંબલ** માંથી બદલીને **કિરીટભાઈ ગોવિંદભાઈ હુંબલ** કરેલ છે. તો હવેથી હું આ નામથી ઓળખાઈશ.

## રાજુલા પોલીસ દ્વારા સાયબર જાગૃતિ માટેનું મહા અભિયાન

રાજુલા, તા. ૯

કહેવાય છે ને કે માણસ વધારે તે શું નથી કરી શકતું. આવોએક મકમ નિર્ણય રાજુલાના પી.આઈ. ગીડાએ કર્યો છે ત્યારે રાજુલા શહેરમાં હાજર થતા જ રાજુલાના વેપારીઓ તેમજ વિવિધ સંસ્થાઓએ આ અધિકારીની કામગીરીને બિરદાવી છે. ત્યારે હાલ સાયબર ક્રાઈમ બાબતે રાજુલા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં પણ આ ઝુંબેશ ઉઠાવવામાં આવેલ છે. ત્યારે આજે રાજુલા શહેરના વિવિધ ગ્રામ્ય વિસ્તારો જેવા કે વાવેરા હિંડોળના કાતર, ભાક્ષી, બારપટોળી સહિતના વિવિધ ગામડાઓમાં સાયબરમાં થવા બાબતે લોકોને જાગૃત કરવા માટેના પ્રયત્નો રાજુલા પોલીસ દ્વારા કરવામાં આવ્યા તેમજ લિટરેચર પેમ્પલેટ બેનર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં વિતરણ કરવામાં આવ્યું અને આ સિવાય



શાળાઓમાં જઈ અને બાળકોને પણ મોબાઈલમાં થતા ફ્રોડ બાબતે જાણકારી આપવામાં આવી.

રાજુલા શહેરમાં પી.આઈ ગીડાની નિમણુક થતા શહેરમાં ટ્રાફિક પોઈન્ટ તેમજ રાત્રીનું પેટ્રોલિંગ સહિતની વિવિધ કામગીરીઓ શરૂ કરવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## પાદરમાં હવે દીપડાનું આગમન

વનવિભાગ લીલીયાને જાણ કરવામાં આવતાં વનવિભાગ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી જઈ રેસ્કયુ કરી દીપડાને એનિમેલ સેન્ટર ખાતે ખસેડવામાં આવેલ છે. જો કે આ દીપડા સાથે માદા દીપડી પણ હોય, પરંતુ દીપડી છટકી જતાં દીપડો કુવામાં ખાબકયો હતો.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અમરેલી શહેરની ભાગોળે આજે સવારમાં અમરેલીના બાયપાસ રોડ ઉપર આવેલ કૈલાસ મુકિતધામ સ્મશાન પાછળ આવેલ નીતિનભાઈ ધીરૂભાઈ કાબરિયાની વાડીમાં એક દીપડો અને દીપડી આંટાફેરા મારતા હોય ત્યારે તે ખેતરના કુવામાં અકસ્માતે દીપડો ખાબકયો હતો. આ અંગે વાડી માલિક સવારે પોતાની વાડીએ આવતાં કૂવાની પાળે દીપડી રાડારાડ કરતી હોય જેથી તેઓએ વનવિભાગ લીલીયાને જાણ કરવામાં આવતાં વનવિભાગ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી જઈ અને જીવના જોખમે રેસ્કયુ ઓપરેશન કરી દીપડાને કુવામાંથી બહાર કાઢી દીપડાને એનિમેલ સેન્ટર ખાતે ખસેડવામાં આવેલ છે. જો કે આ દીપડા સાથે માદા દીપડી પણ હોય પરંતુ દીપડી છટકી જતાં દીપડો કુવામાં ખાબકયો હતો. જયારે દીપડી બાજુના ખેતરમાં છુપાઈ ગઈ હતી.

### દિવ્યાંગોનો પ્રથમ માળે જવા-આવવામાં મુશ્કેલી

## ખાંભા : મામલતદાર કચેરીનાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર સબ રજીસ્ટારની કચેરી કાર્યરત કરો

### જાગૃત નાગરિકે જિલ્લા કલેકટરને પત્ર પાઠવી માંગ કરી

ખાંભા, તા. ૯

ખાંભાનાં જાગૃત નાગરિક ભીખુભાઈ બાંટાવાળાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ખાંભાની નવી મામલતદાર કચેરી શરૂ થયાનાં સમયથી સબ રજીસ્ટારની કચેરી ખાંભા મામલતદારની ઓફિસની બાજુમા ગ્રાઉન્ડ ફલોરમાં ચાલુ કરવામાં આવેલ સીસીટીવી યુકત આ ઓફિસ અગમ્ય કારણોસર સીસીટીવી વગરનાં ઉપલા માળે કોઈ કારણ વગર ફેરવી નાખતા વિકલાંગો બીમાર વૃદ્ધો અશકત અને બબ્બે દાદર ચડી સહી કરવા જવું પડે અથવા સહી માટે ગ્રાઉન્ડ ફલોરમાં પેપર લાવી સહી કરવી પડે છે.

ઉપરોકત બાબતે મુખ્યમંત્રી અને કલેકટરને લેખિતમાં સબરજીસ્ટર અને આધાર કાર્ડની કામગીરી કે જે પ્રથમ માળે ચાલતી હતી. તેમાંથી મામલતદાર બંન્ને ને કામગીરી નીચેનાં રૂમમાં ચાલુ કરવા જણાવેલ પરંતુ આધારકાર્ડની કામગીરી નીચે ચાલુ કરવામાં આવી છે. પરંતુ સબ રજીસ્ટર ઓફિસનાં જવાબદારો મામલતદારની સુચનાની અમલવારી ન કરીને સુચના ને ઘોળીને પી ગયા હોય તેમ નીચે સબ રજીસ્ટરની કામગીરી ચાલુ કરેલ ન હોય અને સેન્સિટીવ એવી સબ રજીસ્ટરની ઓફિસ નીચે ચાલુ કરવા આપ દ્વારા આદેશ આપવામાં આવે તો જ વિકલાંગોને સુવિધા મળે.

કોર્ટ ઓફ કમિશ્નર દ્વારા દિવ્યાંગ વ્યકિતઓ માટેના વિકલાંગો માટે જાહેર ઈમારતોમાં સુગમ્ય ભારત હેઠળ સુગમ્યતા પ્રાપ્ત થાય તે માટે જોગવાઈ કરવામાં આવેલ છે.

તેમજ જિલ્લા કલેકટર દ્વારા પણ દિવ્યાંગ વ્યકિતઓ માટેની સુવિધા માટે દરેક ઓફિસમાં અવરોધ મુકત સગવડ અર્થે ૧૭ મુદાની સુવિધાઓની અમલવારી કરવાનું જણાવેલ છે. જે અવરોધ મુકત સુવિધાઓ ખાંભા મામલતદાર કચેરીમાં ન હોય જેથી ખાંભા મામલતદાર કચેરીનાં પ્રથમ માળે આવેલ સબ રજીસ્ટરની ઓફિસ ગ્રાઉનડ ફલોરમાં ચાલુ કરાવવા દિવ્યાંગોના વ્યાપક હિત ખાતર માંગણી છે. તેમ અંતમાં જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## રૂપિયા ૨૦ લાખની મગફળી

આ અજાણ્યા ઈસમે પોતાની પાસે બોરી ખાલી કરવાનો લોખંડનો હુંક હોય તેનો એક ઘા ડાબા હાથે તથા બીજો ઘા જમણા હાથે મારી સામાન્ય ઈજા કરી તેમજ બે ઘા માથાના કપાળના ભાગે મારી દસ ટાંકા આવે તેવી ઈજા પહોંચાડી ટ્રક કિંમત રૂપિયા ૭,૦૦,૦૦૦ તથા ટ્રકમાં ભરેલ શીંગદાણા કિંમત રૂપિયા ૨૦,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૨૭,૦૦,૦૦૦ ની લુંટ કરી નાસી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## શિક્ષકો દ્વારા આવતીકાલે ધરણા કરાશે

ન આવતા અમરેલી સાંસદીય વિસ્તારના શિક્ષકો ગુરૂવારે અમરેલી ખાતે એક દિવસના ધરણા કરશે.

પ્રાપ્ત વિગત મુજબ ગુજરાત રાજયમાં લાંબા સમયથી પ્રાથમિક શાળાનાં શિક્ષકો જુની પેન્શન પ્રથાનિ અમલવારી અંગે સરકારમાં અવાર-નવાર માંગણી કરી રહેલ છે. પરંતુ આવી માંગણીઓ સરકારનાં બહેરા કાને અથડાઈ રહેલ છે. ત્યારે અમરેલી સાંસદીય વિસ્તારના શિક્ષકો જેમાં મહુવા તાલુકા સહિતનાં શિક્ષકો દ્વારા તા.૧૧ જાન્યુઆરીના રોજ અમરેલી ખાતે ગોવિંદબાપા ધરજીયા કોળી પટેલ વાડી ખાતે એક દિવસનાં ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

''અમરેલી એકસપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૪૨ | ૧૪૫૭ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૭૦૦ | ૭૯૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૫૫ | ૧૨૬૯ |
| ૨ | શિંગ મોટી | ૧૦૫૨ | ૧૪૬૬ |
| ૩ | શિંગદાણા | ૧૨૧૦ | ૧૪૩૦ |
| ૪ | તલ સફેદ | ૨૧૦૦ | ૩૧૮૯ |
| ૫ | તલ કાળા | ૨૬૦૦ | ૩૧૫૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૪૯૨ | ૩૯૩૬ |
| ૭ | બાજરો | ૪૩૩ | ૫૦૦ |
| ૮ | જુવાર | ૫૭૦ | ૧૦૧૧ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૬૩૯ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૧૪ | ૬૦૭ |
| ૧૧ | મકાઈ | ૩૨૫ | ૫૦૦ |
| ૧૨ | મગ | ૧૫૪૪ | ૧૬૮૦ |
| ૧૩ | અડદ | ૧૨૯૦ | ૧૬૭૦ |
| ૧૪ | ચણા | ૭૭૦ | ૧૦૭૩ |
| ૧૫ | તુવેર | ૧૩૦૦ | ૧૭૭૦ |
| ૧૬ | કપાસ | ૯૯૦ | ૧૪૪૧ |
| ૧૭ | એરંડા | ૧૦૦૦ | ૧૧૦૩ |
| ૧૮ | ધાણા | ૧૧૨૦ | ૧૩૩૦ |
| ૧૯ | સોયાબીન | ૮૫૦ | ૮૯૧ |
| ૨૦ | મરચા લાંબા | ૧૦૦૦ | ૩૨૪૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૧૦ | ૧૪૮૦ |
| ૨ | મગફળી | ૧૧૮૬ | ૧૩૦૪ |
| ૩ | તલ સફેદ | ૨૩૯૦ | ૨૭૦૦ |
| ૪ | ચણા | ૮૮૦ | ૧૦૦૦ |
| ૫ | ઘઉં | ૪૫૨ | ૫૫૮ |
| ૬ | સોયાબીન | ૮૪૫ | ૮૬૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૫૦ | ૧૩૦૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૨૫ | ૧૪૩૨ |
| ૩ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૯૦૦ |
| ૪ | તલ કાળા | ૨૯૦૦ | ૩૨૦૦ |
| ૫ | જીરૂ | – | ૫૧૦૦ |
| ૬ | કપાસ | ૧૧૫૧ | ૧૪૬૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૬૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૫ | ૬૦૬ |
| ૯ | બાજરો | ૪૫૦ | ૫૦૫ |
| ૧૦ | જુવાર | ૯૦૦ | – |
| ૧૧ | મકાઈ | ૫૫૦ | ૬૨૦ |
| ૧૨ | મગ | ૧૫૦૦ | – |
| ૧૩ | મઠ | – | ૯૦૦ |
| ૧૪ | ચણા | ૮૨૫ | ૧૦૭૫ |
| ૧૫ | સોયાબીન | ૮૫૦ | ૮૯૨ |
| ૧૬ | તુવેર | ૧૫૪૦ | ૧૯૫૨ |
| ૧૭ | એરંડી | ૧૦૫૧ | – |
| ૧૮ | ધાણા | ૧૨૫૦ | ૧૪૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૫૨ |
| ૨ | મગફળી | ૧૦૧૦ | ૧૨૫૦ |
| ૩ | ઘઉં | ૫૩૫ | ૫૫૫ |
| ૪ | ચણા | ૧૦૧૨ | ૧૦૩૧ |
| ૫ | તુવેર | ૧૫૭૫ | ૧૬૯૫ |
| ૬ | ધાણા | ૧૨૫૫ | ૧૫૫૦ |
| ૭ | તલ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૮ | સોયાબીન | ૮૧૫ | ૮૧૫ |
| ૯ | મગ | ૧૦૨૫ | ૧૦૨૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૫૦ | ૧૪૮૦ |
| ૨ | ચણા | ૧૦૨૫ | ૧૦૪૪ |
| ૩ | મકાઈ | ૫૨૯ | ૫૨૯ |
| ૪ | ધાણા | ૧૬૫૦ | ૧૨૮૫ |
| ૫ | મગ | ૧૪૦૦ | ૧૪૫૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૧૨ | ૫૭૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૩૬ | ૬૦૦ |
| ૮ | સોયાબીન | ૮૬૦ | ૮૬૦ |
| ૯ | મગફળી | ૧૧૫૦ | ૧૨૦૨ |
| ૧૦ | મેથી | ૯૪૦ | ૯૪૦ |
| ૧૧ | થલ સફેદ | ૨૬૦૦ | ૨૬૭૫ |
| ૧૨ | તુવેર | ૧૪૩૫ | ૧૪૬૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૪૭ | ૧૪૨૬ |
| ૨ | મગફળી | ૧૧૫૨ | ૧૨૨૫ |
| ૩ | ચણા | ૯૬૧ | ૯૬૧ |
| ૪ | તુવેર | ૧૬૩૫ | ૧૬૪૫ |
| ૫ | સોયાબીન | ૭૩૦ | ૮૪૦ |
| ૬ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| ૭ | ઘઉં | ૪૨૦ | ૪૮૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૬૦૦ | ૧૨૪૧ |
| ૨ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૦૩૧ |
| ૩ | તલ પીળા | ૩૭૭૧ | ૩૮૫૯ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૧૦ |
| ૫ | બાજરો | ૪૨૦ | ૪૯૯ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૫૧ | ૬૩૧ |
| ૭ | જુવાર | ૬૨૫ | ૧૨૭૮ |
| ૮ | મકાઈ | ૫૮૧ | ૫૮૧ |
| ૯ | મગ | ૧૮૦૧ | ૨૦૦૦ |
| ૧૦ | મઠ | ૧૩૬૧ | ૧૩૬૧ |
| ૧૧ | અજમા | ૨૦૨૫ | ૨૦૨૫ |
| ૧૨ | તુવેર | ૧૦૫૦ | ૧૮૨૫ |
| ૧૩ | ચણા | ૧૦૩૩ | ૧૦૩૩ |
| ૧૪ | સોયાબીન | ૮૨૫ | ૮૫૫ |

# રાજુલા-જાફરાબાદનાં વિવિધ વિસ્તારોમાં ૨ જી ફેબ્રુઆરી સુધી ઈવીએમ તથા વીવીપેટ નિદર્શન અને મતદાર જાગૃતિ અર્થે રથ ફરશે

અમરેલી તા.૯

લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અન્વયે ઈવીએમ તથા વીવીપેટ નિદર્શન અને મતદાર જાગૃત્તિ અર્થે રથ ફેરવવામાં આવશે. રાજુલા – જાફરાબાદ વિધાનસભા મતદાર વિભાગના વિવિધ વિસ્તારોમાં તા.૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી આ રથ ફરશે.



સવારે ૧૦:૩૦ વાગ્યાથી આ રથ ઈવીએમ તથા વીવીપેટ નિદર્શન અને મતદાર જાગૃત્તિ અર્થે કામગીરી કરશે. તા.૪થીએ ચારોડીયા, બર્બટાણા, ખેરાળી મોટી, બાબરીયાધાર, અમુલી, નવાગામ, તા.૫મી એ વડલી,ઝાંઝરડા, કુંડલીયાળા,રીંગણીયાળા મોટા, તા.૬ટ્ઠીએ માંડળ, છાપરી, ડોળીયા,મસુંદડા નાના – મોટા, બાલાપર, તા.૮મીએ હડમતીયા,ઉંટીયા – ગાંજાવદર, રાજપરડા, ડુંગર, તા.૯મીએ વિસળીયા, સમઢીયાળા–૧, ખેરા, ચાંચ, તા.૧૦મીએ વિકટર, મજાદર, કથીવદર, કથીવદર પરા, દાતરડી, રાભડા, સાંજણાવાવ, નેસડી–૧, તા.૧૧મી એ ખાંભલીયા, દેવકા, કુંભારીયા, ઝીંઝકા, ડુંગરપરડા, મોભીયાણા નાના – મોટા, મોરંગી, તા.૧૨મીએ વડ, ભચાદર, ઉચૈયા, ભેરાઈ, રામપરા–૨, કોવાયા, તા.૧૫મીએ હિંડોરણા, છતડીયા, કડીયાળી, નિંગાળા–૧, પીપાવાવ, જોલાપર ખાતે રથ ફરશે.

તા.૧૬મીએ ઘુડીયા આગરીયા, ઘુડીયા આગરીયા (સમૂહ ખેતી), વાવડી, નવા આગરીયા, મોટા આગરીયા, ભાક્ષી–૧, ૨,૩, તા.૧૭મીએ માંડરડી નવી–જૂની, ઝાંપોદર, કોટડી, કાતર, ચોત્રા, ખાખબાઈ, બારપટોળી, તા.૧૮મીએ બોરાળા–૧, બોરાળા–૨, બાબરપુર, ચક્રાવા, ચક્રાવાપરા, હનુમાનપુર, તાલડા–૧, તાલડા–૨, દડલી, જૂના માલકનેશ, નવા માલકનેશ–૧, નવા માલકનેશ–૨, તા.૧૯મીએ કંટાળા, ઘુંઘવાણા, પચપચીયા, આંબલીયાળા, રબારિકા, પીપરીયા, સાળવા, જામકા–૧, જામકા–૨, જામકા–૩, તા.૨૦મીએ ડેડાણ–૧, ડેડાણ–૨, ડેડાણ–૩, ડેડાણ–૪, ડેડાણ–૫, કાતરપરા, જીવાપર, સમઢીયાળા–૨, નેસડી–૨, રાણીંગપરા, મુંજીયાસર –૧, મુંજીયાસર–૨, તા.૨૨મીએ ત્રાકુડા–૧, ત્રાકુડા–૨, ગોરાણા, મોટા બારમણ–૧, મોટા બારમણ–૨, મોટા બારમણ–૩, નાના બારમણ, ભુંડણી, નિંગાળા–૨, વાંગધ્રા, તા.૨૩મીએ વડલી, કેરાળા, ધારાબંદર, રોહિસા, ચિત્રાસર, બલાણા ખાતે રથ ફરશે.તા.૨૪મીએ કડીયાળી, વઢેરા, ધોળાદ્રી, ઘેંસપુર, નાના – મોટા સાકરીયા, ભાડા,તા.૨૫મીએ પાટી માણસા, મોટા માણસા, ટીંબી, છેલણા, તા.૨૯મીએ ફાચરીયા, પીછડી, એભલવડ, લોર, હેમાળ, નવી જીકાદ્રી, જૂની જીકાદ્રી, દૂધાળા, તા.૩૦મીએ લોઠપુર, લુણસાપુર, વાંઢ,મીતીયાળા, બાબરકોટ, વારાહ સ્વરૂપ, ભાંકોદર, તા.૩૧મીએ સરોવડા, કાગવદર, ભટવદર, કોળી કંથારીયા, ખાલસા કંથારીયા, મીઠાપુર, નાગ્રેશ્રી, ફેબ્રુઆરી – ૨૦૨૪ દરમિયાન તા.૨જીએ શિયાળબેટ, જાફરાબાદ શહેરી વિસ્તારના બુથ નં.૨૭૩,૨૭૫,૨૭૬, ૨૮૦ થી ૨૮૫ અને જાફરાબાદ શહેરી વિસ્તારના બુથ નં.૨૭૪, ૨૭૭, ૨૭૮, ૨૭૯, ૨૮૬ થી ૨૯૪ ખાતે રથ ફરશે. લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪ અન્વયે ઈવીએમ તથા વીવીપેટ નિદર્શન અને મતદાર જાગૃત્તિ અર્થે રથ ફેરવવામાં આવે ત્યારે નાગરિકોને તેનો લાભ મેળવવા રાજુલા જાફરાબાદ મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# માનવ શાકાહારી કે માંસાહારી



માનવનાં હાડકા અને તેની શરીર રચનાનું અધ્યયન એ સિદ્ધ કરે છે કે માનવ શાકાહારી પ્રાણી છે.

માનવ પ્રાણી અને શાકાહારી પ્રાણીમાં સામ્યતા તથા શાકાહારી પ્રાણી અને માંસાહારી પ્રાણીમાં અંતર 'માનવ માંસાહારી પ્રાણી નહિ પરંતુ શાકાહારી પ્રાણી છે એ સ્પષ્ટ કરે છે. શાકાહારી અને માંસાહારી પ્રાણીઓમાં નીચે મુજબ મુખ્ય અંતર છે.

૧) શાકાહારી પ્રાણીઓનાં આંતરડાની લંબાઈ તેની લંબાઈ કરતા ચાર ગણી વધારે હોય છે અને માંસાહારી પ્રાણીઓનાં આંતરડાની લંબાઈ તેની લંબાઈ જેટલી હોય છે.

૨) માંસાહારી પ્રાણીઓમાં દાંત (રાક્ષસી દાંત) મોટા અને ખૂબ તીક્ષ્ણ હોય છે માનવનાં દાંત નાના હોય છે.

૩) માનવીની લાળ આલ્કલાઈન છે. તેમાં ટાઈલિન નામનો રસ છે જે શર્કરાને પચાવવામાં મદદ કરે છે. માંસાહારી પ્રાણીઓની લાળ એસીડીક છે.

૪) માનવ જઠરનો સ્ત્રાવ માંસ ભક્ષક પ્રાણીઓનાં જઠરના સ્ત્રાવ કરતા ૫ા ભાગ જેટલો જ એસિડિક છે માંસાહારી પ્રાણીઓનાં જઠરનો સ્ત્રાવ અતિ એસિડિક છે, કારણ કે તેમને અતિ પ્રોટીનયુકત માંસનું પાચન કરવાનું હોય છે.

૫) માનવીનાં હાથનાં નખ માંસાહારી પ્રાણીઓનાં નખ કરતા ખુબ જ નાના હોય છે. માંસાહારી પ્રાણીઓને માંસ ભક્ષણ માટે લાંબા અને અણીદાર નખની જરૂર રહે છે.

૬) માનવીનાં યકૃતમાંથી ખૂબ જ ઓછા પ્રમાણમાં બાઈલનો સ્ત્રાવ ઝરે છે. પરંતુ માંસાહારી પ્રાણીઓને અતિ ચરબીયુકત માંસનું પાચન કરવાની જરૂર હોવાને કારણે તેમનું યકૃત ખૂબ જ વધારે માત્રામાં બાઈલનું નિર્માણ કરે છે.

૭) દરેક માંસાહારી પ્રાણી જીભથી પાણી પીવે છે. જયારે શાકાહારી હોઠથી પાણી પીવે છે. જેમ કે સિંહ માંસાહારી પ્રાણી છે બાહ્ય રૂપ શકિતશાળી હોવા છતાં તે જલ્દી થાકી જાય છે.

તે ક્રોધી સ્વભાવનો હોય છે. હાથી શાકાહારી પ્રાણી છે પણ તે વધારે શકિતશાળી અને સહનશીલ હોય છે.

**– મિતલ ખેતાણી**
**એનિમલ હેલ્પલાઈન રાજકોટ**
**(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### બાબરા નજીક આવેલ ધરાઈ ગામે

# બાલમુકુંદજી હવેલી ખાતે છપ્પન ભોગ મનોરથની ઉજવણી સંપન્ન

## પુ. દ્વારકેશ બાવાશ્રીએ ખાસ વિશેષ ઉપસ્થિત રહી આશીર્વચન આપ્યા

અમરેલી, તા. ૯

વૈષ્ણવ સંપ્રદાયનું અતિ મહત્વનું અને જયાં માનતાના દેવ શ્રી બાલમુકુંદજી બિરાજે છે. એવા ધરાઈ ગામની હવેલીએ ઠાકોરજીને છપ્પન ભોગ ધરાવવાનો મનોરથનું આયોજન કરવામાં આવેલ હતું. અને આ મનોરથમાં હજારો વૈષ્ણવોએ ઠાકોરજીના છપ્પન ભોગ મનોરથ દર્શન અને ઢાઢી લીલા તેમજ મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ મનોરથમાં ઈફકોના ચેરમેન અને સહકાર શિરોમણી દિલીભાઈ સંઘાણી પણ વિશેષ ઉપસ્થિત રહી પૂજા દર્શન તેમજ મહાપ્રસાદનો લાભ લીધો હતો. તેઓએ ધરાઈ જેવા પૌરાણિક યાત્રાધામના વિકાસ માટે શુભેચ્છા પાઠવી હતી. તેમજ અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, જિલ્લા સંઘના ચેરમેન જેન્તીભાઈ પાનસુરીયા પણ ઉપસ્થિત રહી ઢાઢી લીલા તેમજ અન્ય કાર્યક્રમનો લાભ લીધો હતો.





આ સમગ્ર કાર્યક્રમ રાજકોટના મનોરથી મઘડીયા અને ઘઘડાં પરિવાર દ્વારા ખૂબ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી અને મુખ્યાજી વિરલભાઈએ ખૂબ જહેમત ઉઠાવી હવેલીમાં ભકિતભાવપૂર્વક વૈષ્ણવો દર્શન અને મહાપ્રસાદ લઈ ધન્ય બન્યા હતા.

આ સમગ્ર ઉત્સવની સાથે સાથે શ્રી બાલમુકુંદ હવેલી સંસ્થાના પ્રમુખ મુખ્યાજી ધર્મેન્દ્રભાઈ, મંત્રી મિતુલભાઈ તેમજ બાલમુકુંદભાઈએ જણાવ્યું હતું કે ધરાઈને સર્વોત્તમ પુષ્ટિ યાત્રાધામ તરીકે વિકાસ પામે તે માટે બાલમુકુંદ ગ્રુપની સ્થાપના કરવામાં આવેલ છે. સાથે સાથે આ ગૃપ ભારતના દરેક શહેર અને ગામમાં સમિતિ અને સંગઠન ઊભું કરી સનાતન ધર્મ અને સંસ્કૃતિનું રક્ષણ પ્રચાર પ્રસાર તેમજ રાષ્ટ્રવાદ અને કુદરતી આપત્તિના સમયે મદદ કરશે. આ પ્રસંગે મનોરથી પરિવાર અને રાજકોટના વૈષ્ણવો દ્વારા નવી હવેલીનું નિર્માણ જલ્દીથી થાય એ માટે તન મન ધનથી સહકાર આપવાની ખાતરી આપી હતી.

### લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)

# લીલીયા : ઉમિયા માતાજી મંદિરે વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

## બાબુભાઈ ધામતના વરદહસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યું

અમરેલી, તા.૯, લાયન્સ કલબ ઈન્ટરનેશનલ મહત્વના પ્રોજેકટ અંધત્વ નિવારણ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) અને શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના ઉપક્રમે તેમજ સૂદર્શન નેત્રાલય અને રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી ત્રીજો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ ઉમિયા માતાજી મંદિર ઉમિયાધામ લીલીયા મોટા મુકામે તા. ૦૪/૦૧/૨૦૨૪ ને ગુરૂવાર સવારે ૯:૦૦ કલાકે આયોજીત કરવામાં આવેલ હતો.આ નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું દિપ પ્રાગટય શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના પ્રમુખ બાબુભાઈ ધામત અને ઉપપ્રમુખ મનસુખભાઈ ગાંગડીયા દ્વારા કરવામાં આવેલ હતુ અને તેઓએ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ને અંધત્વ નિવારણ અંગેની પ્રસંશનીય કામગીરીને બિરદાવી હતી તેમજ આ કેમ્પનો વધુમાં વધુ દર્દીઓએ લાભ લેવા અપીલ કરી હતી.આ કેમ્પમાં આંખના તમામ રોગોની તપાસ આંખના નિષ્ણાંત ડો. હાર્દિકભાઈ કાલરીયા અને તેની ટીમ દ્વારા કરવામાં આવેલ હતી. જરૂરીયાતમંદ દર્દીઓને સૂદર્શન નેત્રાલય અમરેલીમાં લાવીને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી બેસાડી આપેલ છે. નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની ૪૦૦૦ પત્રિકાનું





વિતરણ કરવામાં આવેલ હતુ.આ કેમ્પમાં ૧૨૪ આંખ રોગના દર્દીઓએ લાભ લીધો હતો અને ૧૭ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતુ.

દરેક દર્દીઓના બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગર ચકાસવામાં આવેલ હતા.આ ઉપરાંત જરૂરિયાતમંદ વ્યકિતઓની આંખના નજીક તથા દૂરના નંબરની તપાસ કરી કેમ્પ સ્થળ ઉપર નંબર પ્રમાણે રાહત ભાવે ચશ્મા બનાવી આપવામાં આવેલ હતા. આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) તરફથી લાયન રમેશભાઈ ગોલ, લાયન સાહસભાઈ ઉપાધ્યાય, ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ બાબુભાઈ ધામત, ઉપપ્રમુખ મનસુખભાઈ ગણેશભાઈ ગાંગડીયા મંત્રી બટુકભાઈ બી. સોળીયા, મગનભાઈ ધામત, મુકેશભાઈ શેખલીયા, શાંતિભાઈ ધામત, ભુરાભાઈ શેખલીયા, વશરામભાઈ ધામત, ઉકાભાઈ શિળોજા તેમજ સુદર્શન નેત્રાલય તરફથી કીર્તીભાઈ ભટ્ટ, નિલેશભાઈ ભીલ, પ્રકાશભાઈ આચાર્ય, હિંમતભાઈ કાછડીયા અને તેમની ટીમ તેમજ દુષ્યંતભાઈ પારેખ, અનિલભાઈ પારેખ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. તેમ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) ની યાદી જણાવે છે.

### શ્રી મોગલ માઁ માનવ સેવા ગૃપ

### શિવસાંઇ ગૃપ દ્વારા

# ચલાલામાં સર્વ જ્ઞાતિય સમુહ લગ્ન માર્ચમાં યોજાશે

## દિકરીઓને ૧૦૦ થી વધુ જીવન જરૂરી ચીજવસ્તુઓ અપાશે

ચલાલા, તા. ૯

ચલાલા શ્રી દાન મહારાજની પાવન ભૂમિ ચલાલાના આંગણે શ્રી મોગલ માઁ માનવ સેવા ગૃપ દ્વારા સર્વ જ્ઞાતિય સમુહલગ્ન માર્ચ–૨૦૨૪માં યોજાશે.

આ સમુહલગ્નમાં જોડાવા ઈચ્છતા વાલીઓએ પોતાના દિકરા–દિકરીની ઉંમર સરકારના નિયમ મુજબ દિકરાની ઉંમર ૨૧ વર્ષ પુરા અને દિકરીની ઉંમર ૧૮ વર્ષ પુરા હોવાના જન્મ તારીખનો દાખલો તથા રેશન કાર્ડ, આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ તમામ ડોકયુમેન્ટની ઝેરોક્ષ કોપી અને વર–કન્યાના બે–બે ફોટાઓ લઈને ચલાલા ફોર્મ ભરવા માટે રૂબરૂ આવવાનું રહેશે.

આ સમુહલગ્ન આયોજન નો મુખ્ય ધ્યેય દરેક દિકરીઓને કરિયાવરમાં ઘર ઉપયોગી વસ્તુઓ વધુને વધુ મળે એવા સતત પ્રયત્નો કરવામાં આવે છે.

શ્રી મોગલ માઁ માનવ સેવા ગૃપ તરફથી દરેક દિકરીઓને ડબલ બેડની સેટી પલંગ ટકાઉ સારી તથા ગાદી–તકિયા તથા પ્લા.ખુરશીઓ, સ્ટીક બેડા, સ્ટીલ ટીપ, સ્ટીલ ડોલ, પાટલા, સોનાની ચુક અવશ્ય મળ વાપાત્ર છે અને દાતાશ્રીઓ તરફથી કરિયાવરની વસ્તુઓ જે જે આવશે એ તમામ વસ્તુઓ દિકરીઓને આપવામાં આવે છે દરેક દિકરીઓને ૧૦૦થી વધુ વસ્તુઓ મળે એવા પ્રયત્નો આયોજકો દ્વારા થાય છે.

વધુ વિગત માટે શ્રી મોગલ માઁ માનવ સેવા ગૃપ–ચલાલા મો. ૯૪૦૮૨ ૭૮૮૫૩ તથા ૯૦૬૭૧ ૧૦૨૦૪૪ તેમજ દાનેવ ટ્રાવેલ્સ ભીમનાથ મંદિર પાસેનો સંપર્ક કરવા ચલાલાના પત્રકાર પ્રકાશભાઈ કારીયા, વિપુલભાઈ કારીયાની યાદીમાં જણાવેલ છે.

### દેવરાજીયા ખાતે નાયબ મુખ્યદંડક કૌશિક વેકરીયા અને

# વિઠ્ઠલપુર ખાતે જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીએ ઈ.વી.એમ. નિદર્શન રથની મુલાકાત લીધી

અમરેલી તા. ૯

લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અન્વયે ઈવીએમ તથા વીવીપેટ નિદર્શન અને મતદાર જાગૃત્તિ અર્થે રથ પરિભ્રમણ કરી રહ્યા છે. આ અંતર્ગત અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના દેવરાજીયા, વિઠ્ઠલપુર સહિતના ગામોમાં મતદાર જાગૃતિ રથ પહોંચ્યા હતા. દરમિયાન દેવરાજીયા ખાતે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક ભાઈ વેકરીયાએ અને વિઠ્ઠલપુર ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર અજય દહિયા અને જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ દ્વારા ઈ.વી.એમ. નિદર્શન રથ (MDV)ની મુલાકાત લઈ જરૂરી સૂચનો કર્યા હતા. ચૂંટણી ફરજ પરના કર્મયોગીઓ દ્વારા આ રથ દ્વારા ગ્રામજનોને ઈ.વી.એમ. વિશેની માહિતી અને માર્ગદર્શન આપવામાં






આવ્યા હતા. મતદાન માટેની પ્રક્રિયા અંગે જાગૃતિ પ્રસરાવવામાં આવી હતી.

# રાજુલા બી.એ.પી.એસ. સ્વામીનારાયણ મંદિર ખાતે સાયબર ક્રાઇમ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

રાજુલા, તા. ૯

રાજુલા પોલીસ દ્વારા લોકોને જાગૃત કરવા માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. ત્યારે થોડા દિવસ પહેલા રાજુલા શહેરમાં મુખ્ય બજારમાં પોલીસ દ્વારા દુકાને દુકાને વેપારીઓને જાગૃત કરવામાં આવેલા ત્યારબાદ રાજુલા શહેરનું બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર ખાતે રાજુલા પોલીસ દ્વારા સાયબર ક્રાઇમ જાગૃતિ કાર્યક્રમ યોજાયેલો. ત્યારે રવિ સભા સાથે હોય ત્યારે આ મંદિર ખાતે બોર્ડ સંખ્યામાં લોકો હોય ત્યારે આ પોલીસ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું. ત્યારે રાજુલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ સહિતના સમગ્ર સ્ટાફે આવી અને સાયબર ક્રાઇમ તમે કઈ રીતે અટકાવી શકો છો અને સાયબર ક્રાઇમમાં તમે ભોગ ન બનો તે માટેની વિવિધ જાણકારીઓ આપવામાં આવેલી અને ત્યારબાદ રાજુલા સ્વામિનારાયણ ભગવાનની આરતી પણ ઉતારવામાં આવેલી ત્યારે સમગ્ર કાર્યક્રમમાં આ મંદિરના





વ્યવસ્થાપક દ્વારા સાથ અને સહકાર મળેલો તે માટે રાજુલા પોલીસે આભાર વ્યકત કરેલો અત્રે નવા નીમાયેલ પી.આઇ. ગીડા દ્વારા રાજુલા શહેરમાં વિવિધ પ્રવૃતિઓ શરૂ કરવામાં આવેલ છે જેમાં ટ્રાફિક ઝુંબેશ તેમજ ટ્રાફિક નિયમ તેમજ સાયબર ક્રાઇમ વગેરે બાબતે રાજુલા પોલીસ દ્વારા કાળજી રાખવામાં આવી રહી છે. સમગ્ર કાર્યક્રમમાં આ આયોજનમાં અખંડ મંગલ સ્વામિના માર્ગદર્શન નીચે આ કાર્યકમ યોજવામાં આવેલ.

# અમરેલીના બિલ્ડર કમલેશ કોરાટનો કાલે જન્મદિવસ

અમરેલી, તા.૯



અમરેલીના જાણીતા બિલ્ડર કમલેશ કોરાટના આવતીકાલ ૧૧ જાન્યુઆરીએ ૫૪માં વર્ષમાં મંગલપ્રવેશ કેન્દ્રીય મંત્રી રૂપાલા, ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, નાયબ દંડક કૌશિક વેકરિયા સહિતનાં રાજકીય અને સામાજીક આગેવાનો મો.નં. ૯૮૨૫૩ ૮૮૧૦૮ પર શુભેચ્છા પાઠવી રહયા છે.

### આગામી ૨૮મી જાન્યુ.એ સ્વામીનારાયણ મંદિર ખાતે

# અમરેલીખાતે શહીદ-દિવંગત સૈનિકોનાં ધર્મપત્નીઓ તથા તેમના આશ્રિતોનું સંમેલન યોજાશે

## વિવિધ યોજનાકીય સહાયની વિગતો આપવામાં આવશે

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં વસવાટ કરતા હોય તેવા પૂર્વસૈનિકો, શહીદ કે દિવંગત સૈનિકોના ધર્મ પત્નીઓ અને તેઓના આશ્રિત હોય તેવા તમામનું સંમેલન અમરેલી ખાતે યોજાશે. અમરેલી જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને આગામી તા. ૨૮ જાન્યુઆરી, ૨૦૨૪ને રવિવારના રોજ સવારે ૦૯.૦૦ કલાકે અમરેલી સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, ચિતલ રોડ, પોલીસ લાઈનની બાજુમાં આ સંમેલન કાર્યક્રમ યોજાશે. કેન્દ્ર સરકાર, ગુજરાત રાજય સરકાર તથા ગુજરાત રાજય સૈનિક બોર્ડ તરફથી પૂર્વ સૈનિકો / શહીદ–દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓ તથા તેમના આશ્રિતોને આપવામાં આવતી વિવિધ યોજનાકીય સહાયની વિગતો પણ આ કાર્યક્રમમાં આપવામાં આવશે. અમરેલી જિલ્લામાં રજિસ્ટર થયા હોય તેવા પૂર્વ સૈનિકો /શહીદ–દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓ અને તેમના આશ્રિતોને આ સંમેલન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા રાજકોટ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. પૂર્વ સૈનિકો /શહીદ કે દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓ અને તેઓના આશ્રિતોને આ સંમેલન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અંગેનું આમંત્રણ પણ રાજકોટ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનઃવસવાટ દ્વારા પાઠવવામાં આવ્યું છે. આમ છતાં જેમને પણ તે ન મળ્યું હોય તે તમામને આ કાર્યક્રમમાં સહભાગી થવા અપીલ કરવામાં આવી છે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બસ કે ટ્રેનની ટીકીટ તથા એસ.બી.આઈ. બેન્ક એકાઉન્ટ પાસબુકના પ્રથમ પેઈજની નકલ આપવાથી બસ/ટ્રેનનું ભાડુ કોર બેન્કીંગથી ચૂકવવામાં આવશે. ભોજન વ્યવસ્થાના સુચારું આયોજન અર્થે યોગ્ય થઈ શકે તે માટે, આ સંમેલનમાં ઉપસ્થિત રહેવાના હોય તેવા વ્યકિતએ તા.૨૦ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં રાજકોટ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીના ફોન નંબર (૦૨૮૧) ૨૪૭૬૮૨૫ પર તેમની હાજરી બાબતની જાણ કરવી, તેમ રાજકોટ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ–મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## કડકડતી ઠંડીમાં તાપણાનો સહારો


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં આકરી ઠંડીમાં તાપણાંનો સહારો લઈ રાહત મેળવતા શહેરીજનો

### જિલ્લાકક્ષાનું શહેર આગામી દાયકાઓમાં પ્રાણી સંગ્રહાલય જેવું બને તો નવાઈ નહી

# અમરેલી શહેરમાં રખડુ શ્વાન, આખલાઓ અને ગાયની સમસ્યા અને પાદરમાં હવે દીપડાનું આગમન

### વન વિભાગને ખબર જ નથી કે દીપડા, સિંહ ક્યાં આંટાફેરા મારી રહ્યાં છે



અમરેલી, તા. ૯

અમરેલી શહેરની ભાગોળે આજે સવાર સવારમાં અમરેલીના બાયપાસ રોડ ઉપર આવેલ કૈલાસ મુકિતધામ સ્મશાન પાછળ આવેલ એક વાડી ખેતરના કુવામાં દીપડો ખાબકયો હતો. આ અંગે વાડી માલિકે

અનુસંધાન પાના ૬ ઉપર

### કિશન કટારા નામના શખ્સનું કારસ્તાન

# સા.કુંડલા પંથકનાં એક ગામની તરૂણી સાથે દુષ્કર્મ કરનાર વિરૂઘ્ધ ફરિયાદ

### તરૂણીને ગર્ભ રાખી દીધાનું પણ ફરિયાદમાં જણાવાયુ

અમરેલી, તા. ૯

મધ્યપ્રદેશના વતની ક્રિષ્ના ઉર્ફે કીશન રમેશભાઈ રૂમાલભાઈકટારા નામના આરોપીએ સાવરકુંડલા તાલુકાના એક ગામની સીમમાં રહેતી એક ૧૪ વર્ષ ૬ માસની તરૂણી સાથે દિવાળી પછીના થોડા દિવસ બાદ ગત તા. ૧૪/૧૧/૨૩ થી તા. ૭/૧/૨૪ સુધીના કોઈપણ સમય દરમિયાન ભોગ બનનાર તરૂણી એકલી હોય તે સમયે ભોગ બનનારના પિતાએ ભાગવું રાખેલ વાડીએ આવી બળજબરીપુર્વક બળાત્કાર કરી ભોગ બનનાર તરૂણીને ગર્ભવતી બનાવી અને જો આ વાત કોઈને કહેશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી ભોગ બનનારને બે મહીનાનો ગર્ભ રાખી દીધાની ફરિયાદ ભોગ બનનાર તરૂણીના પિતાએ પોલીસમાં નોંધાવી છે.


Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી. (જંગરવાળા)
જે નિરાશા ને ક્યારેય જોતા નથી તે આશા પણ ક્યારેય ખોતા નથી અને જે પ્રયત્ન પર જીવી જાણે છે તે કિસ્મત પર ક્યારેય રોતા નથી
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166


### પ્રાથમિક શાળાનાં શિક્ષકોમાં નારાજગી

# અમરેલી ખાતે સંસદિય વિસ્તારમાં શિક્ષકો દ્વારા આવતીકાલે ધરણા કરાશે

### જુની પેન્શન પ્રથા લાગુ કરવાની માંગ કરાશે

અમરેલી, તા. ૯

સરકાર દ્વારા શિક્ષકોની જુની પેન્શન પ્રથાનો સ્વીકાર કરવામાં

અનુસંધાન પાના ૬ ઉપર


### વિશાળ વહીવટીતંત્ર, પોલીસ કે અન્ય કોઈ વિભાગ ગંભીરતા દાખવતું નથી

# શોધી કાઢો : દામનગર નજીક આવેલ કાચરડીનાં ભાવનાબેન બારૈયા પોણા બે વર્ષથી ગાયબ થઈ ગયા

### ગુમ થયેલ મહિલાનાં પતિ સરપંચથી લઈને મુખ્યમંત્રી સુધી મદદ માંગી રહ્યા છે

દામનગર, તા. ૯

લાઠી તાલુકાના દામનગર પોલીસ સ્ટેશન નીચે આવતા કાચરડી ગામમાં રહેતા વાલ્મિકી સમાજના ભરતભાઈ બચુભાઈ બારૈયાના ધર્મપત્ની ભાવનાબેન (ઉ.વ. અંદાજે ૪૬ વર્ષ) ગત તા. ૯/૪/૨૨ ના રોજ સવારના ૯ વાગ્યાના સુમારે પોતાના જ ઘરેથી ગુમ થઈ જતા આ બાબતની જાણવા જોગ અરજી તેમના પતિ ભરતભાઈ બચુભાઈ બારૈયાએ દામનગર પોલીસ સ્ટેશનમાં આપી હતી. કોઈ તપાસ ન થઈ, ત્યાર પછી આ અરજી આપ્યાના ૧૩ મહિના પછી ભરતભાઈનું માત્ર નિવેદન લેવામાં આવેલ(લેખિતમાં). પોતાની પત્ની ગુમ થયા બાબતની અમરેલી એસ.પી., રાજયના ગૃહ મંત્રી, લાઠીના ધારાસભ્ય, અમરેલી કલેકટરને અને અમરેલીના ધારાસભ્ય–ગુજરાત સરકારના નાયબ દાંડકને લેખિતમાં જાણ કરી હતી. છતાં કોઈ કારણસર આજ દિવસ સુધી દામનગર પોલીસે કોઈપણ પ્રકારની તપાસ કરી નથી...!! શું આ પરિવાર વાલ્મિકી અને ગરીબ છે એટલે તપાસ કરવામાં નથી આવતી..!!? ગુમ થયેલ ભાવનાબેન બારૈયાને તા. ૯/૧/૨૪ ના રોજ પૂરા ૨૧ મહિના થશે અને તપાસ શરૂ છે, તપાસ શરૂ છે એવો પોલીસ તરફથી જવાબ મળે છે..!! આ કેવા પ્રકારની તપાસ તે ભરતભાઈ બારૈયાને સમજાતું નથી. અમરેલી એસ.પી. આ ગંભીર પ્રકરણની નોંધ લઈ દામનગર પોલીસને ભાવનાબેન બારૈયાને શોધી કાઢવા સૂચના આપે એવી ભરતભાઈ બારૈયાએ લાગણી વ્યકત કરી છે.


Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨



SAMSUNG
વ્યાજબી ભાવ, સર્વોત્તમ સર્વીસ, ઉતમ પ્રોડકટ એજ અમારી ઓળખ !

0% વ્યાજદર
INSTANT CASHBACK OFFER
સરળ માસીક હપ્તે વસાવો
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION | EASY EMI AVAILABLE
BAJAJ FINSERV | HOME CREDIT FINANCE | HDFC BANK | HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટ યાર્ડ રોડ, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭



આમ આદમીનું અખબાર
અમરેલી એક્સપ્રેસ
amreli express

આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪
સચોટ-સટીક
સાતત્યસભર દૈનિક
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
સાવરકુંડલામાં
એજન્ટ/પત્રકારની નિમણુંક થયેલ છે

કેવલ વેલાણી (સાવરકુંડલા)
સાવરકુંડલા શહેરમાં "અમરેલી એક્સપ્રેસ" દૈનિકના પત્રકાર કમ એજન્ટ તરીકે કેવલ વેલાણી ની નિમણુંક કરવામાં આવી હોય પ્રેસનોટ, અવસાનનોંધ, જાહેરખબર અને વર્તમાનપત્ર મેળવવા માટે સંપર્ક કરો.
કેવલ વેલાણી
મો. ૯૯૯૮૭ ૭૮૨૮૧–સાવરકુંડલા
લવાજમની મુદ્દત
તા.૦૧–૦૧–૨૦૨૪
થી
તા.૩૧–૧૨–૨૦૨૪
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)